**સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં.1 મેગેઝિન**


# ICE® MAGIC

## WEEKLY CURRENT AFFAIRS

**WEEK 26**

**JUNE 2024**
**23-06-24 TO 29-06-24**

સંપાદક
**મૌલિક ગોંધિયા**













સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને **ફ્રી મટીરિયલ્સ** તેમજ **રેગ્યુલર કરંટ અફેર્સ** મેળવવા માટે ક્લિક કરો.

# Timeline


**23 JUN-2024**

- દિવસ મહિમા : 23 જૂન, સંયુક્ત રાષ્ટ્ર જાહેર સેવા દિન, આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસ (International Olympic Day) ..... 02
- ગીરના જંગલમાંથી બરડા ડુંગર વિસ્તારમાં 23 ચિત્તલને સ્થળાંતરીત કરાયા ..... 02
- નેલ્સન મંડેલા લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ ..... 04
- QUESTION ANSWERS ..... 05

**24 JUN-2024**

- દિવસ મહિમા : 24 જૂન, પાસપોર્ટ સેવા દિવસ (Passport Seva Divas) ..... 06
- રશિયા-ઉત્તર કોરિયા નવી સંરક્ષણ ડીલ ..... 06
- સંયુક્ત રાષ્ટ્ર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ રિપોર્ટ 2024 (UN Sustainable Development Report 2024) ..... 07
- QUESTION ANSWERS ..... 10

**25 JUN-2024**

- દિવસ મહિમા : 25 જૂન, વિશ્વ પાંડુરોગ દિવસ (World Vitiligo Day), આંતરરાષ્ટ્રીય નાવીક દિવસ ..... 11
- GST કાઉન્સિલની 53મી બેઠક ..... 11
- પુષ્પક : ISROનું ફરીથી વાપરી શકાય તેવું પ્રક્ષેપણ વાહન ..... 14
- QUESTION ANSWERS ..... 16

**26 JUN-2024**

- દિવસ મહિમા : 00 જૂન, વિશ્વ માદક પદાર્થ વિરોધી દિન (International Day Against Drug Abuse and Illicit Trafficking), ટોર્ચરનો ભોગ બનેલા લોકોના સમર્થનમાં આંતરરાષ્ટ્રીય દિવસ, વિશ્વ રેફ્રિજરેશન દિવસ (World Refrigeration Day) ..... 17
- ભારત-રશિયા સંબંધ અને RELOS ..... 17
- શ્રીનગરને 'વર્લ્ડ ક્રાફ્ટ સિટી'નો દરજ્જો મળ્યો ..... 22
- કેરળનું નામ બદલીને 'કેરલમ' કરવાની માંગ ..... 22
- QUESTION ANSWERS ..... 24

**27 JUN-2024**

- દિવસ મહિમા : 27 જૂન, MSME DAY ..... 25
- 18મી લોકસભાનું પ્રથમ સત્ર ..... 27
- 18મી લોકસભાના અધ્યક્ષ તરીકે શ્રી ઓમ બિરલા ચૂંટાયા ..... 29
- લોકસભાના વિપક્ષના નેતા : શ્રી રાહુલ ગાંધી ..... 34
- QUESTION ANSWERS ..... 36

**28 JUN-2024**

- કોઝિકોડ : ભારતનું પ્રથમ યુનેસ્કો 'સિટી ઓફ લિટરેચર' ..... 39
- સિંધુ જળ સંધિ (Indus Waters Treaty) ..... 39
- હંસાબેન મહેતા ..... 40
- હેમિસ ફેસ્ટિવલ 2024 : લદ્દાખ ..... 42
- QUESTION ANSWERS ..... 43

**29 JUN-2024**

- દિવસ મહિમા : 29 જૂન, રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસ (National Statistics Day) ..... 44
- લદ્દાખએ સંપૂર્ણ કાર્યાત્મક સાક્ષરતા પ્રાપ્ત કરી ..... 44
- સંસદના સંયુક્ત સત્રને રાષ્ટ્રપતિનું સંબોધન ..... 45
- ઈન્ટરનેશનલ સુગર ઓર્ગેનાઈઝેશન (ISO)ની 64મી કાઉન્સિલ મીટિંગ ..... 46
- QUESTION ANSWERS ..... 47

**ONE LINER** ..... 48

**QUESTION OF THIS WEEK** ..... 51


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 23 જૂન, (1) સંયુક્ત રાષ્ટ્ર જાહેર સેવા દિન (United Nations Public Service Day) (2) આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસ (International Olympic Day)

### આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસ

આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિની સ્થાપના 23 જૂન, 1894ના રોજ પેરિસમાં કરવામાં આવી હતી.




- આથી, આ દિવસની યાદમાં 'આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસની ઉજવણી સૌપ્રથમ વર્ષ 1948માં કરવામાં આવી હતી.
- આ દિવસના આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય સામાન્ય લોકોમાં રમતગમતને પ્રોત્સાહિત કરવાનો અને રમતગમતને જીવનનો અભિન્ન અંગ બનાવવાનો સંદેશ ફેલાવવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE ®

### ગીરના જંગલમાંથી બરડા ડુંગર વિસ્તારમાં 23 ચિત્તલને સ્થળાંતરીત કરાયા



ગીરના જંગલ બાદ બરડા ડુંગર વિસ્તાર અથવા બરડા વન્યજીવ અભયારણ્યને સિંહનું બીજું ઘર માનવામાં આવે છે.

- આ વિસ્તાર સિંહોના વસવાટ માટે ફરીથી સાનુકૂળ બન્યો છે.
- બરડા ડુંગરના વિસ્તારમાં 143 વર્ષ પહેલા સિંહ વસવાટ કરતા હોવાનું મનાય છે. પરંતુ કોઈ કારણોસર આ વિસ્તારમાંથી સિંહ લુપ્ત થઈ ગયા હતા.
- વનવિભાગમાં નોંધાયેલી વિગતો અનુસાર ગત વર્ષે જાન્યુઆરી મહિનામાં 143 વર્ષ બાદ એક નર સિંહ સ્વયંમ બરડા ડુંગર વિસ્તારમાં જોવા મળ્યો હતો.
- બરડો ડુંગર સિંહોનું એક નવું નિવાસસ્થાન બની શકે છે તેને ધ્યાને રાખીને વન વિભાગે વર્ષ 2019માં બરડા વન્યજીવ અભયારણ્યની તપાસ શરૂ કરી હતી.
- આ વિસ્તારમાં તૃણાહારી પ્રાણીઓની સંખ્યા વિશેષ જોવા મળતી હતી પરંતુ સિંહના મુખ્ય શિકાર એવા ચિતલ અને સાબર હરણોની સંખ્યા ઓછી જોવા મળતી હતી.
- ચિતલ અને સાબર સિંહોનો મુખ્ય આહાર છે.

- જેને ધ્યાને રાખીને વન વિભાગે તાજેતરમાં 23 જેટલા ચિત્તલો–હરણોને ગીરના જંગલમાંથી સ્થળાંતર કરી બરડા ડુંગર વિસ્તારમાં મુક્ત કર્યા છે.
- વન વિભાગના જણાવ્યા અનુસાર વર્ષ 1879 સુધી બરડામાં સિંહોની વસતી જોવા મળતી હતી.

## બરડો વન્યજીવ અભયારણ્ય

બરડા અભયારણ્ય અથવા બરડો વન્યજીવ અભયારણ્ય પોરબંદર જિલ્લામાં આવેલું છે.



- આ વિસ્તારને વર્ષ 1979માં અભયારણ્ય તરીકે જાહેર કરવામાં આવ્યું હતું.
- બરડા અભયારણ્યનો વિસ્તાર 282 ચોરસ કિલોમીટર છે.
- તેનું ભુપૃષ્ઠ ડુંગરાળ છે તથા હવામાન મોટાભાગે ગરમ રહે છે.
- અહીં બિલેશ્વરી અને જોઘરી નદીઓ વહે છે તથા ખંભાલા અને ફોડારા બંધો આવેલા છે.
- અહીં નીલગાય, ચિકારા, વરુ વગેરે જેવા પ્રાણીઓ જોવા મળે છે.
- આ અભયારણ્ય લગભગ 650 છોડની પ્રજાતિઓ ધરાવે છે, જેમાં રાયન, બાબુલ, બેર, જામુન, આમલી, ગોરાડ, વાંસ, ધવ, ઘુઘલો વગેરેનો સમાવેશ થાય છે.

## એશિયાટિક સિંહ

એશિયાઈ સિંહ એ બિલાડી કૂળનું સૌથી ઊંચુ અને વાઘ પછીનું સૌથી મોટુ પ્રાણી છે.

- એશિયાઈ સિંહ માત્ર ભારત દેશના ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર પ્રદેશમાં જ જોવા મળે છે.
- એક સમયે એશિયાઈ સિંહો મેસોપોટેમીયા, અરેબિયા, પર્શીયા અને ભારતીય ઉપખંડ સુધી ફેલાયેલા હતા. છેલ્લે સિંહની વસતી ઘટતા હવે તેઓ માત્ર ગીરના જંગલમાં જ જોવા મળે છે.



**નોંધ :** હાલના સમયે સિંહ સમગ્ર વિશ્વમાં ફક્ત બે જ જગ્યાએ જોવા મળે છે :

(1) ભારતમાં ગુજરાતના સૌરાષ્ટ્રમાં અને

(2) આફ્રિકામાં

## સિંહ સંબંધિત પરીક્ષાલક્ષી કેટલીક માહિતી

- સિંહ ગુજરાત રાજ્યનું રાજ્યપ્રાણી છે.
- સિંહ મોટા ભાગે સુર્યાસ્ત પછીના એક કલાકમાં ગર્જના કરતા હોય છે.
- સિંહના ચાર પગના કુલ 18 નખ(નહોર) હોય છે.

- સિંહના સમૂહને 'પ્રાઈડ' તરીકે ઓળખવામાં આવે છે.
- સિંહના બચ્ચાને 'કબ'(Cub) તરીકે ઓળખવામાં આવે છે. (તેમના બચ્ચાને સરાયું અથવા ભુરડું પણ કહેવાય છે.)
- સિંહ અને સિંહણમાંથી સામાન્ય સંજોગોમાં શિકાર ઉપર પ્રથમ હુમલો સિંહણ કરે છે.
- સિંહનું સરેરાશ આયુષ્ય 18 વર્ષનું હોય છે.
- નર સિંહનું વજન લગભગ 150 થી 180 કિલો અને માદા સિંહનું વજન લગભગ 125 થી 135 કિલો હોય છે.
- સિંહણનો ગર્ભકાળ સામાન્ય રીતે 105 થી 110 દિવસનો હોય છે.
- સિંહનું વૈજ્ઞાનિક નામ 'Panthera Leo' છે.

નોંધ : (1) સમગ્ર વિશ્વમાં 10 ઓગસ્ટનો દિવસ 'વિશ્વ સિંહ દિવસ' તરીકે ઉજવાય છે.

(2) ડિસેમ્બર, 2022માં પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રીશ્રીએ 'Lion@47 : Vision For Amrutkal' નામનો પ્રોજેક્ટ લાયન દસ્તાવેજ લોન્ચ કરવામાં આવ્યો હતો.


(3) આ યોજના પ્રોજેક્ટ સિંહનો એક ભાગ છે અને વધતી જતી વસતીનું સંચાલન કરવા માટે રહેઠાણોને સુરક્ષિત અને પુનઃસ્થાપિત કરવાનો હેતુ ધરાવે છે.

(4) સામાન્ય રીતે એશિયાટિક સિંહ જૂનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી જિલ્લાને અડીને આવેલા ગીરના જંગલમાં વસવાટ કરે છે. આ ઉપરાંત ક્યારેક ભાવનગર, બોટાદ, રાજકોટ, પોરબંદર અને જામનગરમાં પણ જોવા મળે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## નેલ્સન મંડેલા લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ

ભારતના જાણિતા બાળ ફિલ્મ નિર્માતા શ્રી વિનોદ ગણાત્રાને સિનેમામાં તેમના યોગદાન બદલ દક્ષિણ આફ્રિકાના પ્રતિષ્ઠિત 'નેલ્સન મંડેલા લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા.



- 7માં નેલ્સન મંડેલા ચિલ્ડ્રન ફિલ્મ ફેસ્ટિવલમાં રજૂ કરાયેલ આ સન્માન મેળવનાર તેઓ પ્રથમ ભારતીય છે.
- તેમની કારકિર્દી ચાર દાયકાથી વધુ લાંબી છે જેમાં અસંખ્ય દસ્તાવેજી અને યુવા કાર્યક્રમોનું નિર્માણ કર્યુ છે.
- તેમણે 36 રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કારો જીત્યા છે.

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'સંયુક્ત રાષ્ટ્ર જાહેર સેવા દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 જૂન (B) 21 જૂન (C) 22 જૂન (D) 23 જૂન

(D)

2. 'આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 જૂન (B) 21 જૂન (C) 22 જૂન (D) 23 જૂન

(D)

3. નીચેનામાંથી કયા અભયારણ્યને સિંહોના બીજા ઘર તરીકે ઓળખવામાં આવે છે ?

(A) બરડો વન્યજીવ અભયારણ્ય (B) વાસંદા રાષ્ટ્રીય ઉદ્યાન

(C) વેળાવદર કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન (D) શૂલપાણેશ્વર વન્યજીવ અભયારણ્ય

(A)

4. તાજેતરમાં સમાચારમાં રહેલ બરડો વન્યજીવ અભયારણ્ય કયા જિલ્લામાં સ્થિત છે ?

(A) પોરબંદર (B) અમરેલી (C) મોરબી (D) કચ્છ

(A)

5. તાજેતરમાં દક્ષિણ આફ્રિકાનો પ્રતિષ્ઠિત 'નેલ્સન મંડેલા લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ' કોને એનાયત કરવામાં આવ્યો છે ?

(A) શ્રી સંજય સિંહ (B) શ્રી વિજય શાહ

(C) શ્રી વિનોદ ગણાત્રા (D) શ્રી કમલેશ શર્મા

(C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 24 જૂન, પાસપોર્ટ સેવા દિવસ (Passport Seva Divas)

## રશિયા-ઉત્તર કોરિયા નવી સંરક્ષણ ડીલ

તાજેતરમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનએ ઉત્તર કોરિયાની મુલાકાત લીધી હતી.



- 24 વર્ષમાં પ્રથમ વખત ઉત્તર કોરિયાની મુલાકાતે આવેલા વ્લાદિમીર પુતિન અને ઉત્તર કોરિયાના કિમ જોંગ ઉન વચ્ચે એક ઐતિહાસિક કરાર કરવામાં આવ્યો છે.
- આ કરાર હેઠળ બંને દેશો યુદ્ધની સ્થિતિમાં એકબીજાને સૈન્ય મદદ કરશે.

### રશિયા અને ઉત્તર કોરિયા વચ્ચે નવો કરાર શું છે ?

બંને દેશ વચ્ચેના કરારની કલમ 4 એવી જોગવાઈ કરે છે કે "જો એક દેશ પર હુમલો થાય અથવા યુદ્ધની સ્થિતિ હોય, તો બીજો દેશ તરત જ સૈન્ય અને અન્ય મદદ પૂરી પાડશે."

- આ કરારમાં ઉત્તર કોરિયાના મિસાઈલ અને પરમાણુ કાર્યક્રમો માટે નિર્ણાયક, અસ્પષ્ટ તકનીકી સહાયનો સમાવેશ થાય છે.
- શીત યુદ્ધના અંત પછી રશિયા અને ઉત્તર કોરિયા વચ્ચે થયેલો આ સૌથી મહત્ત્વપૂર્ણ કરાર છે.

### ઐતિહાસિક સંદર્ભ

બીજા વિશ્વયુદ્ધ પછી અગાઉનું સોવિયેત યુનિયન કોરિયામાં સામ્યવાદી શાસન સ્થાપવા માગતું હતું.

- અને બીજા કોરિયન યુદ્ધ દરમિયાન ઉત્તર કોરિયાના સ્થાપક કિમ ઈલ સુંગને નોંધપાત્ર લશ્કરી સહાય પ્રદાન કર્યુ હતું.
- સોવિયેત યુનિયને ચીન સાથે મળીને ઉત્તર કોરિયાને નોંધપાત્ર અને અન્ય લશ્કરી સહાય પુરી પાડી હતી.
- બંને રાષ્ટ્રોએ 1961માં રુસો–ઉત્તર કોરિયાની મિત્રતા, સહકાર અને પરસ્પર સહાયતાની સંધી પર હસ્તાક્ષર કરીને તેમના જોડાણને મજબૂત બનાવ્યું હતું, જે તાજેતરના કરારની જેમ પરસ્પર સંરક્ષણ ધરાવે છે.
- 1991માં સોવિયેત યુનિયનના વિઘટન પછી, આ સંધિ રદ કરવામાં આવી હતી અને સંબંધો અસ્થાયીરૂપે બગડ્યા હતા.
- ત્યારબાદ વર્ષ 2000માં એક નવા કરારે તેનું સ્થાન લીધું હતું.

### વ્યૂહાત્મક અસરો

દક્ષિણ કોરિયા અને જાપાન આ કરારને સીધો ખતરો માને છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ બંને દેશો લાંબા સમયથી ઉત્તર કોરિયાના પરમાણુ કાર્યક્રમ અને લશ્કરી તાકાતને લઈને ચિંતિત છે.
- NATO અને અમેરિકાએ પણ ચિંતા વ્યક્ત કરી છે. આ કરાર સરમુખત્યારશાહી રાજ્યો વચ્ચે વધુ લશ્કરી જોડાણ તરફ દોરી શકે છે, જે વૈશ્વિક તણાવમાં વધારો પરમાણુ પ્રસારોના જોખમોનો વધારો કરશે.
- અમેરિકાને એ પણ ડર છે કે રશિયાની આર્થિક અને ટેક્નિકલ મદદથી ઉત્તર કોરિયા તેના પરમાણુ હથિયારો અને મિસાઈલ કાર્યક્રમને ઝડપથી વધારી શકે છે.
- ઉત્તર કોરિયાને હવે પરમાણુ નિશસ્ત્રીકરણ અંગે ચર્ચા કરવા માટે થોડું પ્રોત્સાહન મળશે.

**નોંધ :** (1) ઉત્તર કોરિયા <u>પૂર્વ એશિયાનો</u> એક દેશ છે. તે કોરિયન દ્વીપકલ્પના ઉત્તરીય અડધા ભાગની રચના કરે છે અને તુમેન નદીઓ પર ચીન અને રશિયાની સરહદ ધરાવે છે તથા દક્ષિણમાં દક્ષિણ કોરિયા કોરિયન ડિમિલિટરાઈઝ્ડ ઝોનમાં છે.

(2) ઉત્તર કોરિયાની રાજધાની અને સૌથી મોટું શહેર <u>પ્યોંગયાંગ</u> છે.

(3) રશિયાની રાજધાની અને સૌથી મોટું શહેર <u>મોસ્કો</u> છે.

## સંયુક્ત રાષ્ટ્ર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ રિપોર્ટ 2024 (UN Sustainable Development Report 2024)

તાજેતરમાં <u>યુએન સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સોલ્યુશન્સ નેટવર્ક (SDSN)</u> દ્વારા '<u>સંયુક્ત રાષ્ટ્ર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ રિપોર્ટ 2024</u>' બહાર પાડવામાં આવ્યો છે.

- સસ્ટેનેબલ ડેવલપમેન્ટ રિપોર્ટની 9મી આવૃત્તિએ હાઈલાઈટ કર્યું છે કે 2015માં યુનાઈટેડ નેશન્સ દ્વારા નિર્ધારિત <u>સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDG)</u> હાંસલ કરવામાં વિશ્વ સમયપત્રકથી નોંધપાત્ર રીતે પાછળ છે.

### રિપોર્ટના મુખ્ય તારણો

### વૈશ્વિક SDG પ્રગતિ

<u>2030 સુધીમાં</u> <u>માત્ર 16% SDG લક્ષ્યો</u> હાંસલ કરવાના ટ્રેક પર છે, જ્યારે <u>84%</u> મર્યાદિત અથવા પ્રતિકૂળ પ્રગતિ જુએ છે.

- 2020થી વૈશ્વિક SDG પ્રગતિ અટકી ગઈ છે, ખાસ કરીને SDG 2 (શૂન્ય ભૂખમરો), SDG 11 (ટકાઉ શહેરો), SDG 14 (પાણી નીચે જીવન), SDG 15 (જમીન પર જીવન) અને SDG 16 (શાંતિ, ન્યાય અને મજબૂત સંસ્થાઓ)ની બાબતોમાં.

- કોવિડ-19 અને અન્ય પરિબળોની અસરને કારણે સ્થૂળતા દર (SDG 2), પ્રેસ સ્વતંત્રતા (SDG 16), રેડ લિસ્ટ ઈન્ડેક્સ (SDG 15), ટકાઉ નાઈટ્રોજન મેનેજમેન્ટ (SDG 2) અને જન્મ સમયે આયુષ્ય (SDG 3) પર પ્રગતિમાં નોંધપાત્ર ઉલટફેર જોવા મળ્યા છે.
- SDG 9 (ઉદ્યોગ, નવીનતા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર) તરફ કેટલીક હકારાત્મક પ્રગતિ દર્શાવે છે.

## પ્રાદેશિક અને દેશની વિવિધતા

નોર્ડિક દેશો SDG લક્ષ્યો હાંસલ કરવામાં સૌથી આગળ છે, જેમાં ફિનલેન્ડ (સ્કોર 86.4) પ્રથમ સ્થાને છે.

- ત્યારબાદ સ્વીડન (85.7), ડેનમાર્ક (85.0), જર્મની (83.4) અને ફ્રાન્સ છે.
- દક્ષિણ સુદાન, મધ્ય આફ્રિકન પ્રજાસત્તાક અને ચાડ નીચેના ત્રણ દેશો છે.
- પૂર્વ અને દક્ષિણ એશિયા એવા દેશો છે જેમણે 2015થી SDG લક્ષ્યાંકો પર સૌથી વધુ પ્રગતિ કરી છે.

## વૈશ્વિક સહકાર

આ અહેવાલમાં યુ.એન.–આધારિત બહુપક્ષીયવાદ (UN-Mi)ને યુએન સિસ્ટમ સાથેની તેમની સંલગ્નતાના આધારે દેશોના ક્રમાંક પર દેશોના સમર્થન પર એક નવો ઈન્ડેક્સ રજૂ કરવામાં આવ્યો છે.

- UN-Mi ઈન્ડેક્સમાં બાર્બાડોસ ટોચ પર છે, ત્યારબાદ એન્ટિગુઆ અને બાર્બુડા, ઉરુગ્વે, મોરેશિયસ અને માલદીવ્સ આવે છે.
- નીચેના પાંચ દેશોમાં યુનાઈટેડ સ્ટેટ્સ, સોમાલિયા, દક્ષિણ સુદાન, ઈઝરાયેલ અને ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોરિયાનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## SDG ઈન્ડેક્સમાં ભારતનું પ્રદર્શન

ભારતે 64.0ના એકંદર સ્કોર સાથે 109મો રેન્ક મેળવ્યો હતો.

- લગભગ 30% SDG લક્ષ્યો ટ્રેક પર છે અથવા હાંસલ કરવામાં આવ્યા છે.
- અન્ય 40% લક્ષ્યાંકોમાં મર્યાદિત પ્રગતિ છે અને લગભગ 30% લક્ષ્યાંકોમાં સ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે.
- SDG 1, SDG 4, SDG 12 અને SDG 13 હાંસલ કરવામાં સર્વોચ્ચ પ્રદર્શન જોવા મળ્યું છે.

**નોંધ :** (1) યુએન સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સોલ્યુશન્સ નેટવર્ક (SDSN) સંયુક્ત રાષ્ટ્ર (UN) દ્વારા 2012માં સ્થાપિત વૈશ્વિક નેટવર્ક છે.

(2) તેનો ઉદ્દેશ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ટકાઉ વિકાસ લક્ષ્યો (SDG) હાંસલ કરવા માટે વ્યાવહારુ ઉકેલોને પ્રોત્સાહન આપવાનો છે.




INSTITUTE FOR COMPETITIVE EXAMS



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'પાસપોર્ટ સેવા દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 22 જૂન (B) 23 જૂન (C) 24 જૂન (D) 25 જૂન (C)

2. તાજેતરમાં રશિયાએ કયા દેશ સાથે સંરક્ષણ ડીલ કરી હતી... જે અંતર્ગત "જો એક દેશ પર હુમલો થાય અથવા યુદ્ધની સ્થિતિ હોય, તો બીજો દેશ તરત જ સૈન્ય અને અન્ય મદદ પૂરી પાડશે."

(A) ઉત્તર કોરિયા (B) દક્ષિણ કોરિયા (C) ચીન (D) જાપાન (A)

3. તાજેતરમાં 'સંયુક્ત રાષ્ટ્ર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ રિપોર્ટ 2024' પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. આ રિપોર્ટ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ રિપોર્ટ 'યુએન સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સોલ્યુશન નેટવર્ક' (SDSN) દ્વારા બહાર પાડવામાં આવ્યો છે.
2. આ રિપોર્ટ અનુસાર વૈશ્વિક સ્તર માત્ર 16% SDG લક્ષ્યો હાંસલ કરવાના ટ્રેક પર છે.
3. નોર્ડિક દેશો SDG લક્ષ્યો હાંસલ કરવાના ટ્રેક પર છે, જેમાં ફિનલેન્ડ પ્રથમ ક્રમે છે.
4. આ રિપોર્ટ અનુસાર ભારતે SDG ઈન્ડેક્સમાં 64.0ના એકંદર સ્કોર સાથે 109માં રેન્ક મેળવ્યો હતો.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1, 2 અને 3
(C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 (D)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 25 જૂન, (1) વિશ્વ પાંડુરોગ દિવસ (World Vitiligo Day)
## (2) આંતરરાષ્ટ્રીય નાવીક દિવસ (International Day of the Seafarer)

## GST કાઉન્સિલની 53મી બેઠક




GST કાઉન્સિલની 53મી બેઠક 22 જૂન, 2024ના રોજ નવી દિલ્હીમાં નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનની અધ્યક્ષતામાં યોજાઈ હતી.

- GST કાઉન્સિલની 53મી બેઠકમાં નાના વ્યવસાયો માટે અનુપાલન સરળ બનાવવા, હોસ્ટેલ આવાસ, રેલવે સેવાઓ વગેરેને મુક્તિ આપવાના ઘણા પગલાને મંજૂરી આપવામાં આવી છે.

### બેઠકની મુખ્ય વિશેષતાઓ

### GST ટેક્સ દરોમાં ફેરફાર

### ચીજવસ્તુઓ પરના GST દરમાં ફેરફાર

- **એરક્રાફ્ટના ભાગો પર સમાન IGST દર :** MRO પ્રવૃત્તિઓને વેગ આપવા માટે એરક્રાફ્ટના ભાગો, ઘટકો, પરીક્ષણ સાધનો, સાધનો અને ટૂલ–કિટ્સની આયાત પર 5% IGSTનો સમાન દર લાગુ થશે.
- **દૂધના ડબ્બાનો GST દર :** દૂધના બધા ડબ્બા (સ્ટીલ, આયર્ન, એલ્યુમિનિયમ) પર 12% GST દર લાગશે.
- **પેપર પ્રોડક્ટ્સ GST દરમાં ઘટાડો :** કાર્ટન, બોક્સ અને કોરુગેટેડ અને નોન–કોરુગેટેડ પેપર અથવા પેપર–બોર્ડ બંનેના કેસ પરનો GST દર 18%થી ઘટાડીને 12% કરવામાં આવ્યો છે.
- **સોલર કુકર્સનો GST દર :** બધા સૌર કુકર, એકલ અથવા બેવડા ઊર્જા સ્ત્રોત પર 12% GST લાગશે.
- **મરઘા રાખવાની મશીનરી :** મરઘા રાખવાની મશીનરીને આવરી લેતી GST એન્ટ્રીમાં 12% GST આકર્ષિત કરવા માટે ખાસ કરીને 'મરઘા રાખવાની મશીનરીના ભાગો' સામેલ કરવા અને ભૂતકાળની પ્રેક્ટિસને નિયમિત કરવા માટે સુધારો કરવામાં આવ્યો છે.
- **સ્પ્રિંકલર્સનો GST દર :** ફાયર વોટર સ્પ્રિંકલર્સ સહિત તમામ પ્રકારના સ્પ્રિંકલર પર 12% GST લાગશે.

- **સંરક્ષણ દળો IGST મુક્તિ :** સંરક્ષણ દળો માટે નિર્દિષ્ટ વસ્તુઓની આયાત પર IGST મુક્તિ પાંચ વર્ષ માટે 30મી જૂન, 2029 સુધી લંબાવવામાં આવી છે.
- **RAMA પ્રોગ્રામ IGST મુક્તિ :** RAMA (Research moored Array for African - Asian - Australian Monsoon Analysis and Prediction) પ્રોગ્રામ હેઠળ સંશોધન સાધનો/બોટસની આયાત પર IGST મુક્તિ શરતોને આધીન લંબાવવામાં આવી છે.
- **અન્ય વિવિધ ફેરફારો :** (a) સંરક્ષણ મંત્રાલય હેઠળના યુનિટ રન કેન્ટીન દ્વારા અધિકૃત ગ્રાહકોને વાયુયુક્ત પીણા અને એનર્જી ડ્રિંકના સપ્લાય પર વળતર ઉપકરમાંથી મુક્તિ આપવી. (b) ભારતીય સંરક્ષણ દળો માટે આયાત કરાયેલ AK-203 રાઈફલ કીટ માટે તકનીકી દસ્તાવેજોની આયાત પર એડહોક IGSTમાંથી મુક્તિ.

## સેવાઓ પરના GST દરો સંબંધિત ભલામણો

- **ભારતીય રેલવે સેવાઓ મુક્તિ :** ભારતીય રેલવે દ્વારા સામાન્ય જનતાને પૂરી પાડવામાં આવતી સેવાઓ, જેમ કે પ્લેટફોર્મ ટિકિટ, નિવૃત્ત રૂમ/વેઈટિંગ રૂમ, ક્લોકરૂમ સેવાઓ અને બેટરી સંચાલિત કાર સેવાઓ GSTમાંથી મુક્ત છે.
- **આવાસ સેવાઓ મુક્તિ :** ઓછામાં ઓછા 90 દિવસના સતત સમયગાળા માટે પુરી પાડવામાં આવેલ વ્યક્તિ દીઠ રૂ.20,000 સુધીની કિંમતની આવાસ સેવાઓ GSTમાંથી મુક્ત છે.
- **રિઈન્શ્યોરન્સ સેવાઓ પર GST જવાબદારી :** ઉલ્લેખિત વીમા યોજનાઓની રિઈન્શ્યોરન્સ સેવાઓ પર GST જવાબદારી પૂર્વદર્શી રીતે નિયમિત કરવામાં આવશે.
- **RERA વૈધાનિક સંગ્રહો :** રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (RERA) દ્વારા વૈધાનિક સંગ્રહોને GSTમાંથી મુક્તિ આપવામાં આવશે.

નોંધ : (1) GSTનું પૂરું નામ Goods and Services Tax છે.

(2) '101માં બંધારણીય સુધારા, 2016' દ્વારા ભારતમાં 1 જુલાઈ, 2017થી Goods and Services Tax (GST)ના અમલનો પ્રારંભ થયો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS


## GST કાઉન્સિલ શું છે ?

GST કાઉન્સિલ કેન્દ્ર અને રાજ્યોનું સંયુક્ત મંચ છે.




- તથા તે ભારતમાં GSTના સંચાલન માટેની એક Governing Body છે.
- GSTના દરો તથા GST અંગેના રુલ્સ એન્ડ રેગ્યુલેશન્સનું સંચાલન આ GST કાઉન્સિલ દ્વારા જ થાય છે.
- કેન્દ્ર સરકારના નાણામંત્રી આ GST કાઉન્સિલના અધ્યક્ષ હોય છે.
- ભારતના દરેક રાજ્યના નાણામંત્રી તેના સભ્ય હોય છે.

## વસ્તુ અને સેવા કર પરિષદનું માળખું (GST Council)




INSTITUTE FOR COMPETITIVE EXAMS

## GST કાઉન્સિલના કાર્ય અને ભલામણો

બંધારણના અનુચ્છેદ 279 અનુસાર કાઉન્સિલ GST સંબંધિત મહત્વના મુદ્દાઓ પર કેન્દ્ર અને રાજ્યોને ભલામણો કરી શકે છે.

- જેમ કે GST મોડલ કાયદા હેઠળ GST હેઠળ કઈ વસ્તુઓ અને સેવાઓને મુક્તિ મળી શકે છે.
- તે GSTના વિવિધ સ્લેબ દરો પર પણ નિર્ણય લે છે.
- અરૂણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ, ત્રિપુરા, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ જેવા રાજ્યો માટે વિશેષ જોગવાઈ.
- GSTના સંબંધમાં કોઈ અન્ય વિષય જે પરિષદ દ્વારા નક્કી કરવામાં આવે તે વિષય સંદર્ભે ભલામણ કરશે.

## GST કાઉન્સિલમાં નિર્ણય

**GST કાઉન્સિલમાં નિર્ણય**

- મતદાનમાં કેન્દ્ર સરકારનો હિસ્સો 1/3 (33.33%)
- મતદાનમાં રાજ્ય સરકારનો હિસ્સો 2/3 (66.66%)
- કોઈપણ નિર્ણય હાજર અને મતદાન કરનારા સભ્યોના 3/4 (75%) બહુમતીથી લેવાશે.

## પુષ્પક : ISROનું ફરીથી વાપરી શકાય તેવું પ્રક્ષેપણ વાહન

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)એ તાજેતરમાં 'પુષ્પક' નામના Reusable Launch Vehicle (RLV) (ફરીથી વાપરી શકાય તેવું લોન્ચ વ્હીકલ)ને સમાવતી તેનું ત્રીજું અને અંતિમ પરીક્ષણ સફળતાપૂર્વક હાથ ધર્યુ હતું.

- આ પરીક્ષણ કર્ણાટકના ચિત્રદુર્ગમાં એરોનોટિકલ ટેસ્ટ રેન્જ (ATR) ખાતે હાથ ધરવામાં આવ્યું હતું.
- પુષ્પક મિશનનો પ્રાથમિક ઉદ્દેશ્ય અવકાશમાં ઓછા ખર્ચે પ્રવેશને સક્ષમ કરવાના હેતુથી સંપૂર્ણપણે પુનઃઉપયોગ કરી શકાય તેવા પ્રક્ષેપણ વાહન માટે જરૂરી ટેક્નોલોજી વિકસાવવાનો છે.
- આ મિશન સ્પેસ મિશનની કિંમત ઘટાડવા અને અવકાશના કાટમાળને ઘટાડવા માટે ઈસરોના સતત પ્રયાસોનો એક ભાગ છે.
- પુષ્પક RLVને ભારતીય વાયુસેનાના ચિનુક હેલિકોપ્ટર દ્વારા લગભગ 4.5 કિલોમીટરની ઊંચાઈ પર લઈ જવામાં આવ્યું હતું અને ત્યાંથી છોડવામાં આવ્યું હતું.
- તે તેના બ્રેક પેરાશૂટ અને લેન્ડિંગ ગિયર બ્રેક્સનો ઉપયોગ કરીને 320 કિમી/કલાકની હાઈ–સ્પીડ લેન્ડિંગથી લગભગ 100 કિ.મી./કલાકની ઝડપે સફળતાપૂર્વક નીચે આવ્યું હતું.
- RLV અથવા RLV LEX-03એ રોકેટને નિયંત્રિત લેન્ડિંગ માટે માર્ગદર્શન આપવા માટે મલ્ટિસેન્સર ફ્યુઝનનો ઉપયોગ કર્યો હતો.
- પુષ્પક રોકેટે પૃથ્વી પર ઉત્તરતી વખતે તેની દિશા સુધારવા સહિતની પોતાની લેન્ડ કરવાની ક્ષમતા દર્શાવી હતી.

## RLV પ્રોજેક્ટ શું છે ?

લોન્ચ વ્હીકલ ઓટોનોમસ લેન્ડિંગ મિશન (RLV LEX) એ એક ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેટર પ્રોજેક્ટ છે.

- જેનો ઉદ્દેશ્ય પેલોડને ભ્રમણકક્ષામાં લઈ જવા અને એરક્રાફ્ટની જેમ પૃથ્વી પર પાછા ફરવા સક્ષમ સ્પેસ પ્લેન વિકસાવવાનો છે.
- RLV-TD (ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેટર) એ અંતિમ RLVનો એક નાનો પ્રોટોટાઈપ છે, જે ઘણો મોટો હશે અને ક્રૂ તથા કાર્ગોને અવકાશમાં લઈ જવા માટે સક્ષમ હશે.
- RLV-TD 6.5 મીટર લાંબુ છે, તેની પાંખો 3.6 મીટર છે અને તેનું વજન 1.7 ટન છે.
- ભવિષ્યમાં આ વાહનને ભારતના પુનઃઉપયોગ કરી શકાય તેવા ટુ–સ્ટેજ ઓર્બિટલ (TSTO) લોન્ચ વ્હીકલના પ્રથમ તબક્કામાં વધારો કરવામાં આવશે.
- RLV-TD વિમાન જેવું દેખાય છે. તેમાં ફ્યુઝલેજ, નોઝ કેપ, ડબલ ડેલ્ટા પાંખો અને બે ઉભી પૂંછડીઓનો સમાવેશ થાય છે.
- RLV TDનો ઉપયોગ હાઈપરસોનિક ફ્લાઈટ (HEX), ઓટોનોમસ લેન્ડિંગ (LEX), રીટર્ન ફ્લાઈટ પ્રયોગ (REX), સંચાલિત ક્રુઝ ફ્લાઈટ અને સ્ક્રેમજેટ પ્રોપલ્શન એક્સપેરીમેન્ટ (SPEX) જેવી ટેકનોલોજી વિકસાવવા માટે કરવામાં આવશે.

### મહત્વ

અવકાશ સંશોધન સાથે સંકળાયેલા ઊંચા ખર્ચ તેની પ્રગતિમાં નોંધપાત્ર અવરોધ છે.

- જોકે પુનઃઉપયોગ કરી શકાય તેવા પ્રક્ષેપણ વાહનને અવકાશને એક્સેસ કરવાના ઓછા ખર્ચે, ભરોસાપાત્ર અને માંગ પરનું મોડ ગણવામાં આવે છે.
- RLVનો ઉપયોગ કરીને પ્રક્ષેપણની કિંમત વર્તમાન ખર્ચના લગભગ 80% સુધી ઘટાડી શકાય છે.
- નોંધનીય છે કે અવકાશ પ્રક્ષેપણ વાહનમાં લગભગ 80 થી 87 ટકા ખર્ચ વાહનના માળખામાં જાય છે.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ પાંડુરોગ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 23 જૂન (B) 24 જૂન (C) 25 જૂન (D) 26 જૂન (C)

2. 'આંતરરાષ્ટ્રીય નાવીક દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 23 જૂન (B) 24 જૂન (C) 25 જૂન (D) 26 જૂન (C)

3. તાજેતરમાં GST કાઉન્સિલની 53મી બેઠક યોજાઈ હતી. જેમાં દૂધના બધા ડબ્બા (સ્ટીલ, આયર્ન, એલ્યુમિનિયમ) પર _____ GST દર લાગુ કરવાનો નિર્ણય કર્યો છે.

(A) 12% (B) 18% (C) 21% (D) 23% (A)

4. નીચે આપેલ વિધાનોમાંથી કયું/કયા વિધાન/વિધાનો સાચું/સાચા છે ?

1. GST કાઉન્સિલ એ કેન્દ્ર અને રાજ્યોનું સંયુક્ત મંચ છે.
2. GST કાઉન્સિલનો દરેક નિર્ણય તેની બેઠકમાં હાજર અને મતદાન કરનારા સભ્યોના ભારાંકના બે તૃતીયાંશ મતની બહુમતી સાથે લેવામાં આવશે.
3. કેન્દ્ર સરકારના મતનું વજન પડેલા મતના ત્રીજા ભાગનું હશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (A)

5. ISROના તાજેતરના પ્રયોગ દરમિયાન સફળતાપૂર્વક ઉતરાણ કરનાર ભારતના પ્રીમિયર રિયુઝેબલ લોન્ચ વ્હીકલ (RLV)નું નામ શું છે ?

(A) આર્યભટ્ટ (B) શક્તિ (C) ભારત (D) પુષ્પક (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**દિવસ મહિમા : 26 જૂન,** (1) વિશ્વ માદક પદાર્થ વિરોધી દિન (International Day Against Drug Abuse and Illicit Trafficking)
(2) ટોર્ચરનો ભોગ બનેલા લોકોના સમર્થનમાં આંતરરાષ્ટ્રીય દિવસ (International Day in Support of Victims of Torture)
(3) વિશ્વ રેફ્રિજરેશન દિવસ (World Refrigeration Day)

## વિશ્વ માદક પદાર્થ વિરોધી દિન




સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે 26 જૂનના રોજ 'ડ્રગના દુરુપયોગ અને ગેરકાયદેસર હેરફેર સામે આંતરરાષ્ટ્રીય દિવસ' અથવા 'વિશ્વ માદક પદાર્થ વિરોધી દિન' તરીકે ઉજવવામાં આવે છે.

- વર્ષ 1989થી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- 26 જૂન એ ગુઆંગડોંગમાં શ્રી લિન ઝેક્સુ દ્વારા અફિણના વેપારની અંતની યાદમાં પસંદ કરવામાં આવેલી તારીખ છે.
- યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ડ્રગ રિપોર્ટ અનુસાર વિશ્વમાં ગેરકાયદેસર દવાઓનું મુલ્ય પ્રતિ વર્ષ 322 બિલિયન અમેરિકન ડોલર છે.
- વર્લ્ડ ડ્રગ્સ રિપોર્ટમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે 2018માં લગભગ 269 મિલિયન લોકોએ ડ્રગ્સનો ઉપયોગ કર્યો હતો. જે વર્ષ 2009ની તુલનામાં 30% વધુ છે.
- વિશ્વ માદક પદાર્થ વિરોધી દિવસની થીમ 'The evidence is clear : invest in prevention' છે.

## ભારત-રશિયા સંબંધ અને RELOS

રશિયાએ વર્ષોના વિલંબને સમાપ્ત કરીને ભારત સાથેના લોજિસ્ટિક્સ કરારના મુસદ્દાને મંજૂરી આપી છે.

- ભારત અને રશિયા વચ્ચેના પરસ્પર લોજિસ્ટિક્સ કરારને રિસિપ્રોકલ એક્સચેન્જ ઓફ લોજિસ્ટિક્સ એગ્રીમેન્ટ (RELOS) નામ આપવામાં આવ્યું છે, જે હવે અંતિમ સ્વરૂપ આપવા માટે તૈયાર છે.
- તે સંયુક્ત કવાયત, તાલીમ અને આપત્તિ રાહત પ્રયાસો સહિત ભારત અને રશિયા વચ્ચે લશ્કરી સહયોગને સરળ બનાવશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## RELOS શું છે ?

ભારત અને રશિયા વચ્ચેનો 'રિસિપ્રોકલ એક્સચેન્જ ઓફ લોજિસ્ટિક્સ એગ્રીમેન્ટ'(RELOS) એ એક મહત્ત્વપૂર્ણ વહીવટી વ્યવસ્થા છે જે બંને રાષ્ટ્રો વચ્ચે લશ્કરી સહયોગને વધારશે.

- આ કરાર ભારત અને રશિયા બંને માટે સંયુક્ત કામગીરી અને લાંબા–અંતરના મિશનને વધુ કાર્યક્ષમ અને ખર્ચ–અસરકારક બનાવવા, લશ્કરી લોજિસ્ટિક્સ સપોર્ટને સુવ્યવસ્થિત કરવા માટે રચાયેલ છે.

## મહત્ત્વ

**(1) સતત કામગીરી :**

- યુદ્ધ અને શાંતિ સમયના બંને મિશન દરમિયાન સૈનિકો, યુદ્ધ જહાજો અને વિમાનો માટે બર્થિંગ સુવિધાઓ પૂરી પાડવા, પુરવઠાની ફરી ભરપાઈની સુવિધા આપે છે.

**(2) વ્યૂહાત્મક લાભો :**

- તે યજમાન રાષ્ટ્રના હાલના લોજિસ્ટિક્સ નેટવર્કના સરળ ઉપયોગને સક્ષમ કરશે. કટોકટીમાં ઝડપથી પ્રતિસાદ આપવાની ક્ષમતા વધારે છે.
- તે બંને દેશોની સૈન્ય કામગીરીને વ્યૂહાત્મક ધાર પ્રદાન કરશે જેનાથી સમગ્ર મિશન ખર્ચમાં ઘટાડો થશે.

**(3) વિસ્તૃત લશ્કરી પહોંચ :**

- વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ પ્રદેશોમાં ભારતની દરિયાઈ પહોંચ અને પ્રભાવને વધારે છે.
- મેરીટાઈમ ડોમેન અવેરનેસ (MDA)ને વેગ આપે છે અને વહેંચાયેલ લોજિસ્ટિક્સ સુવિધાઓ બંને દેશોની પરિસ્થિતિલક્ષી જાગૃતિને વધારતા, દરિયાઈ પ્રવૃત્તિઓ માટે વધુ સારી માહિતીની આપ–લે કરે છે.

**(4) ક્વાડ એગ્રીમેન્ટ્સનું સંતુલન :**

- RELOS ભારતના ક્વાડ દેશો સાથેના લોજિસ્ટિક્સ કરારો અને રશિયાના નોન–ક્વાડ વલણને સંતુલિત કરે છે.
- તે ભારત અને રશિયા બંને માટે અમેરિકાનો પ્રભાવ અને ચીનની પ્રાદેશિક ભૂમિકાને સંતુલિત કરે છે.

**(5) વૈજ્ઞાનિક આંતર જોડાણો :**

- આર્કટિકમાં ભારતની પ્રાથમિક પ્રવૃત્તિઓ આર્કટિક સમુદ્રી બરફ પીગળવા અને ભારતીય ચોમાસાની પ્રણાલીમાં થતા ફેરફારો વચ્ચેના વૈજ્ઞાનિક આંતરસંબંધોને સમજવા પર કેન્દ્રિત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિવિધ દેશો સાથે ભારતના લોજિસ્ટિક્સ કરારો

| દેશ | કરારની વિગતો |
|---|---|
| અમેરિકા | • GSOMIA : ભારત અને અમેરિકા વચ્ચે લશ્કરી ગુપ્ત માહિતીની વહેંચણીને સરળ બનાવવા માટે 2002માં જનરલ સિક્યોરિટી ઓફ મિલિટરી ઈન્ફર્મેશન એગ્રીમેન્ટ (GSOMIA) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.<br>• લોજિસ્ટિક્સ એક્સચેન્જ મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ (LEMOA), 2016 : તે લશ્કરી લોજિસ્ટિક્સ સુવિધાઓના પરસ્પર ઉપયોગની મંજૂરી આપે છે.<br>• મૂળભૂત વિનિમય અને સહકાર કરાર (BECA), 2020 : તે ભારતને યુએસ જીઓસ્પેશિયલ ઈન્ટેલિજન્સ ડેટાની એક્સેસ પ્રદાન કરે છે.<br>• કોમ્યુનિકેશન્સ કોમ્પેટિબિલિટી એન્ડ સિક્યુરિટી એગ્રીમેન્ટ (COMCASA), 2018 : તે એન્ક્રિપ્ટેડ કોમ્યુનિકેશન્સ સાધનોના ટ્રાન્સફરને સક્ષમ કરે છે. |
| ફ્રાન્સ | • સંયુક્ત કવાયત, પોર્ટ મુલાકાતો, માનવતાવાદી પ્રયાસો અને દરિયાઈ ગુપ્ત માહિતીની વહેંચણી દરમિયાન લોજિસ્ટિકલ સપોર્ટની સુવિધા આપે છે. |
| ઓસ્ટ્રેલિયા | • MLSA (2020) : તે ઈન્ડો–પેસિફિક મેરીટાઈમ સહકાર માટે સહિયારી દષ્ટિ પર ભાર મૂકે છે. |
| જાપાન | • ACSA (2020) : સશસ્ત્રો દળો વચ્ચે સેવાઓ અને પુરવઠાના નજીકના સંકલનને મંજૂરી આપે છે. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત-રશિયા સંબંધો

ભારત અને સોવિયત સંઘ (USSR) વચ્ચે મજબૂત વ્યૂહાત્મક, લશ્કરી, આર્થિક અને રાજદ્વારી સંબંધો હતા.

- સોવિયત યુનિયનના વિઘટન પછી રશિયાને ભારત સાથેના ગાઢ સંબંધો વારસામાં મળ્યા હતા જેના પરિણામે બંને રાષ્ટ્રો એક વિશેષ સંબંધ ધરાવે છે.
- ભારત અને રશિયા બંને આ સંબંધને ‘વિશેષ અને વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારી’ તરીકે ઓળખે છે.



- પરંપરાગત રીતે ભારત–રશિયન વ્યૂહાત્મક ભાગીદારી પાંચ ઘટકો પર બાંધવામાં આવી છે : રાજકીય, સંરક્ષણ, નાગરિક પરમાણુ ઊર્જા, આતંકવાદ વિરોધી સહકાર અને અવકાશ.
- IRIGC (ભારત–રશિયા આંતરસરકારી આયોગ) એ મુખ્ય સંસ્થા છે, જે બંને દેશો વચ્ચે સરકારી બાબતોનું સંચાલન કરે છે.
- બંને દેશો UN, BRICS, G20 અને SCO સહિતની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના સભ્યો છે.
- ભારતનું દૂતાવાસ મોસ્કોમાં છે. તથા બે કોન્સ્યુલેટ–જનરલ સેન્ટ–પીટર્સબર્ગ અને વ્લાદિવોસ્તોકમાં છે.
- રશિયાનું દૂતાવાસ નવી દિલ્હીમાં આવેલું છે. તથા છ કોન્સ્યુલેટ–જનરલ ચેન્નાઈ,ગોવા, હૈદરાબાદ, કોલકાતા, મુંબઈ અને તિરુવનંતપુરમમાં છે.
- વર્ષ 1971માં પાકિસ્તાન સાથેના યુદ્ધ સમયે સોવિયત યુનિયન (ભૂતપૂર્વ રશિયા) ભારત સાથે રહ્યું હતું.
- વર્ષ 1998માં યુકેને ભારતના પરમાણુ પરીક્ષણનો વિરોધ કર્યો હતો અને UN ઠરાવ 1172ની તરફેણમાં મતદાન કર્યુ હતું. પરંતુ રશિયા આ સમયે પણ ભારત સાથે રહ્યું હતું.

## ભારત-રશિયા લશ્કરી સંબંધો

આઝાદી પછી તરત જ ભારત તેના શસ્ત્રોની આયાત માટે અંગ્રેજો અને અન્ય પશ્ચિમી દેશો પર લગભગ સંપૂર્ણપણે નિર્ભર હતું.

- જોકે સમય જતાં આ નિર્ભરતા ઘટી ગઈ અને 1970ના દાયકાથી ભારત USSR (હવે રશિયા) પાસેથી સંખ્યાબંધ શસ્ત્ર પ્રણાલીઓની આયાત કરી રહ્યું છે.
- રશિયાએ ભારતને પરમાણું સબમરીન, એરક્રાફ્ટ કેરિયર્સ, ટેન્કો, બંદૂકો, ફાઈટર જેટ વગેરે મહત્વપૂર્ણ શસ્ત્રો ભારતને સમયાંતરે પૂરા પાડયા છે.
- એક અંદાજ મૂજબ ભારતીય સશસ્ત્ર દળોમાં રશિયન મૂળના શસ્ત્રો અને પ્લેટફોર્મનો હિસ્સો 85% સુધી છે.
- રશિયા અમેરિકા પછી વિશ્વનો બીજો સૌથી મોટો શસ્ત્ર નિકાસકાર છે.
- શસ્ત્રોની હેરફારની બાબતમાં ભારત રશિયાનો સૌથી મોટા આયાતકાર દેશ છે.

## ભારત-રશિયા પાસેથી કયા સંરક્ષણ સાધનો ખરીદે છે ?

### સબમરીન

- ભારતને તેની પ્રથમ સબમરીન પણ સોવિયત સંઘ પાસેથી મળી હતી.
- USSR પાસેથી મેળવેલી પ્રથમ ફોક્સટ્રોટ ક્લાસ સબમરીન વર્ષ 1967માં INS કલવરી તરીકે ભારતીય સેનામાં દાખલ થઈ હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારતીય–નૌકાદળ પાસે કુલ 16 પરંપરાગત ડીઝલ–ઈલેક્ટ્રિક સબમરીનમાંથી આઠ સોવિયત મૂળની કિલો વર્ગની છે.

### ફ્રિગેટ્સ અને ગાઈડેડ-મિસાઈલ ડિસ્ટ્રોયર્સ

- નેવીના 10 ગાઈડેડ–મિસાઈલ ડિસ્ટ્રોયર્સમાંથી ચાર રશિયન કાશીન–ક્લાસના છે અને તેના 17 યુદ્ધ જહાજોમાંથી છ રશિયન તલવાર ક્લાસના છે.

### એરક્રાફ્ટ કેરિયર

- ભારતની સેવામાં પ્રસિદ્ધ એરક્રાફ્ટ કેરિયર INS વિક્રમાદિત્ય એ સોવિયેત–નિર્મિત કિવ–ક્લાસ જહાજ છે જેને 2013માં ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવ્યું હતું.

### મિસાઈલ કાર્યક્રમ

- ભારતનો મહત્વનો મિસાઈલ પ્રોગ્રામ રશિયા અથવા સોવિયેત યુનિયનની મદદથી વિકસાવવામાં આવ્યો હતો.
- બ્રહ્મોસ મિસાઈલને ભારતે રશિયા સાથે સંયુક્ત રીતે વિકસાવી છે.
- આ ઉપરાંત રશિયાએ S-400 એન્ટિ મિસાઈલ જેવી ઉચ્ચ ટેક્નોલોજી પ્રદાન કરી છે.

### ફાઈટર એરક્રાફ્ટ

- ભારતીય વાયુસેનામાં 667–એરક્રાફ્ટ ફાઈટર ગ્રાઉન્ડ એટેક (FGA) કાફલામાં 71% રશિયન મૂળ છે.
- જેમાં 39% SU-30s (Sukhoi), 22% Mig-215, 9% Mig 29s છે.
- સેવામાં તમામ છ એર ટેન્કર રશિયન બનાવટના IL-78s છે.

### યુદ્ધ ટેન્ક

- મુખ્યત્વે રશિયન T-72M1 (66%) અને T-90s (30%)થી બનેલી છે.

### રાઈફલ્સ

- ભારત અને રશિયાએ ઓગસ્ટ, 2021માં 'AK-103 રાઈફલ્સ' ખરીદવાના કરાર પર હસ્તાક્ષર કર્યા હતો.
- આ કરાર અંતર્ગત ભારતીય સેના માટે રશિયા પાસેથી સંખ્યાબંધ AK-103 શ્રેણીની એસોલ્ટ રાઈફલો ખરીદવામાં આવી રહી છે.
- આ અગાઉ વર્ષ 2019માં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશના અમેઠી ખાતેના AK-203 Assault Rifle કારખાનાનું ઉદ્દઘાટન કર્યું હતું. જે વર્તમાનમાં કાર્યરત થયું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રીનગરને 'વર્લ્ડ ક્રાફ્ટ સિટી'નો દરજ્જો મળ્યો



તાજેતરમાં વર્લ્ડ ક્રાફ્ટ કાઉન્સિલ (WCC) દ્વારા 'વર્લ્ડ ક્રાફ્ટ સિટી' તરીકે માન્યતા મેળવનાર જમ્મુ–કાશ્મીરનું શ્રીનગર ચોથું ભારતીય શહેર બન્યું છે.

- જયપુર, મલપ્પુરમ અને મૈસુર એ અન્ય ત્રણ ભારતીય શહેરો છે જેમને અગાઉ 'વર્લ્ડ ક્રાફ્ટ સિટી'ની માન્યતા આપવામાં આવી છે.
- 2021માં શ્રીનગર શહેરને યુનેસ્કો ક્રિએટિવ સિટી નેટવર્ક (UCCN)ના ભાગરૂપે હસ્તકલા અને લોકકલા માટે ક્રિએટિવ સિટી તરીકે નિયુક્ત કરવામાં આવ્યું હતું.
- કાર્પેટ, અખરોટના લાકડાનું કોતરકામ, કાગળનો પલ્પ, સોઝની ભરતકામ અને પશ્મિના તથા કાની શાલ શ્રીનગરની કેટલીક હસ્તકલા છે.

### WCC - વર્લ્ડ ક્રાફ્ટ સિટીઝ પ્રોગ્રામ

વિશ્વભરમાં હસ્તકલાના વિકાસમાં સ્થાનિક સત્તાવાળાઓ, કારીગરો અને સમુદાયોની મહત્ત્વની ભૂમિકાને ઓળખવા માટે વર્લ્ડ ક્રાફ્ટ્સ કાઉન્સિલ AISBL (WCC-International) દ્વારા 2014માં તેની શરૂઆત કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## કેરળનું નામ બદલીને 'કેરલમ' કરવાની માંગ



તાજેતરમાં કેરળ વિધાનસભાએ સર્વસંમતિથી એક ઠરાવ પસાર કર્યો હતો જેમાં કેન્દ્રને બંધારણમાં રાજ્યનું નામ બદલીને 'કેરલમ' કરવા જણાવ્યું હતું.

- કેરળ એ કેરલમ માટેનો મલયાલમ અંગ્રેજી શબ્દ છે અને આ શબ્દનો સૌથી પહેલો ઉલ્લેખ ઈ.સ.પૂર્વે 257ના સમ્રાટ અશોકના શિલાલેખ IIમાં જોવા મળે છે જેમાં 'કેરળપુત્ર'નો ઉલ્લેખ છે.
- સંસ્કૃતમાં કેરળપુત્રનો શાબ્દિક અર્થ થાય છે 'કેરળનો પુત્ર', 'જે ચેરા (ચેરો) રાજવંશનો ઉલ્લેખ કરે છે, જે દક્ષિણ ભારતના ત્રણ મુખ્ય સામ્રાજ્યોમાંનું એક હતું.
- ભારતીય બંધારણનો અનુચ્છેદ-3 કેન્દ્રને વર્તમાન રાજ્યોના નામ બદલવાની સત્તા આપે છે.

### અનુચ્છેદ-3

ભારતીય બંધારણ અનુચ્છેદ-3માં નવા રાજ્યની રચના તથા વિવિધ રાજ્યોની સીમાઓ કે નામમાં ફેરફાર કરવાની સત્તાનું વર્ણન કરે છે.

- અનુચ્છેદ 3 અનુસાર સંસદ કાયદાથી –
  - (a) કોઈપણ રાજ્યમાંથી કેટલોક પ્રદેશ અલગ કરીને અથવા બે કે તેથી વધુ રાજ્યોના ભાગો જોડીને, અથવા કોઈ પ્રદેશને કોઈ રાજ્યના ભાગ સાથે જોડીને નવા રાજ્યનું નિર્માણ કરી શકે છે,
  - (b) કોઈ રાજ્યનો વિસ્તાર વધારી શકશે,
  - (c) કોઈ રાજ્યનો વિસ્તાર ઘટાડી શકશે,
  - (d) કોઈ રાજ્યની સીમાઓમાં ફેરફાર કરી શકશે,
  - (e) કોઈ રાજ્યનું નામ બદલી શકશે.
- ઉદાહરણ તરીકે, આ સત્તાનો ઉપયોગ કરીને સંસદ દ્વારા વર્ષ 2014માં આંધ્રપ્રદેશમાંથી તેલંગાણા અલગ કરવામાં આવ્યું હતું.
- અનુચ્છેદ 3 મુજબ રાજ્યની મંજૂરી વગર ભારતમાં સંસદ રાજ્યોના નામ કે સીમામાં ફેરફાર કરી શકે છે. ઉપરાંત કોઈ રાજ્ય કે રાજ્યોના ભાગ એકઠા કરી નવા રાજ્યની રચના પણ કરી શકે છે, પરંતુ કોઈ પણ રાજ્ય ભારત સંઘથી અલગ થઈ શકતું નથી.
- આથી, ભારત એ 'વિભાજિત રાજ્યોનો અવિભાજ્ય સંઘ' છે. જેમાં સંઘ સરકાર રાજ્યને સમાપ્ત કરી શકે છે, જ્યારે રાજ્ય સરકાર સંઘને સમાપ્ત કરી શકતી નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** (1) '5મા બંધારણીય સુધારા, 1955' દ્વારા ભારતમાં નવા રાજ્યોની રચના કે વર્તમાન રાજ્યોના વિસ્તારો કે સીમામાં ફેરફારો માટેની પ્રક્રિયા અંગે અનુચ્છેદ-3માં નીચે પ્રમાણેની જોગવાઈ કરવામાં આવી હતી :

(a) નવા રાજ્યની રચના, નામ કે સીમામાં પરિવર્તન સંબંધિત ખરડો રાષ્ટ્રપતિની ભલામણ સિવાય સંસદમાં રજૂ કરી શકાય નહીં.

(b) રાષ્ટ્રપતિ આ ખરડો અસરગ્રસ્ત રાજ્યોના વિધાનમંડળને તેમનું મંતવ્ય દર્શાવવા નિશ્ચિત સમય માટે મોકલશે. જોકે, એ મંતવ્ય માનવું સંસદ માટે ફરજિયાત નથી. સંસદ તેનો અસ્વીકાર પણ કરી શકે છે.

(2) આ ઉપરાંત પંજાબ રાજ્યમાંથી હરિયાણા અને ચંદીગઢને અલગ કરીને ચંદીગઢને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવા માટે '18મા બંધારણીય સુધારા, 1966' દ્વારા અનુચ્છેદ 3માં આ સ્પષ્ટતા કરવામાં આવી હતી : રાજ્યોના નિર્માણ અંગેની પોતાની સત્તા અંતર્ગત સંસદ નવા કેન્દ્રશાસિત પ્રદેશની પણ રચના કરે છે.

(3) કેરળ રાજ્યનું નામ બદલીને 'કેરલમ' કરવાનો ધ્યેય તેની ભાષા, સંસ્કૃતિ અને ઈતિહાસને દેશના કાયદાની મર્યાદામાં વધુ સારી રીતે પ્રતિબિંબિત કરવાનો છે.

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ માદક પદાર્થ વિરોધી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 25 જૂન (B) 26 જૂન (C) 27 જૂન (D) 28 જૂન **(B)**

2. 'ટોર્ચરનો ભોગ બનેલા લોકોના સમર્થનમાં આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 26 જૂન (B) 27 જૂન (C) 28 જૂન (D) 29 જૂન **(A)**

3. રિસિપ્રોકલ એક્સચેન્જ ઓફ લોજિસ્ટિક્સ એગ્રીમેન્ટ (RELOS), જે તાજેતરમાં સમાચારમાં હતું. તે ભારત અને કયા દેશ વચ્ચેની વહીવટી સંસ્થા છે ?

(A) રશિયા (B) અમેરિકા (C) ઓસ્ટ્રેલિયા (D) જાપાન **(A)**

4. તાજેતરમાં વર્લ્ડ ક્રાફ્ટ કાઉન્સિલ (WCC) દ્વારા નીચેના પૈકી કયા ભારતીય શહેરને 'વર્લ્ડ ક્રાફ્ટ સિટી'ની માન્યતા આપવામાં આવી હતી ?

(A) ભૂજ (B) ઉદયપુર (C) મદુરાઈ (D) શ્રીનગર **(D)**

5. નીચેના પૈકી કયા શહેરને 'વર્લ્ડ ક્રાફ્ટ સિટી'નો દરજ્જો મળ્યો નથી ?

(A) જયપુર (B) મલપ્પુરમ (C) મૈસુર (D) ચંદીગઢ **(D)**

6. નીચેના નિવેદન પર વિચાર કરો અને સાચો વિકલ્પ પસંદ કરો :

1. તાજેતરમાં કેરળ વિધાનસભાએ એક ઠરાવ પસાર કરીને કેન્દ્રને બંધારણમાં રાજ્યનું નામ બદલીને 'કેરલમ' કરવા જણાવ્યું છે.
2. કેરલમ શબ્દનો અર્થ થાય છે 'સુંદર પ્રદેશ'.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 27 જૂન, MSME DAY




સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે <u>27 જૂન</u>ના રોજ <u>‘MSME દિવસ’</u>ની ઉજવણી કરવામાં આવે છે.

- <u>6 એપ્રિલ, 2017</u>ના રોજ સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાના <u>74મા</u> અધિવેશનમાં 27 જૂનને <u>‘MSME દિવસ’</u> તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.
- આ અંતર્ગત સૌપ્રથમ <u>27 જૂન, 2017</u>ના રોજ પ્રથમ ‘MSME દિવસ’ની ઉજવણી કરવામાં આવી હતી.

### MSMEનું પૂરું નામ શું છે ?

MSMEનું પૂરું નામ '<u>Micro, Small and Medium-Sized Enterprises</u>' છે.

- તેને ગુજરાતીમાં <u>‘સુક્ષ્મ–લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગો’</u> તરીકે ઓળખવામાં આવે છે.

### ઉદ્દેશ

સતત વિકાસના લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં <u>‘સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગો’</u>ના મહત્ત્વને ધ્યાનમાં રાખીને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા MSME દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### વર્ષ 2024ની થીમ

યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2024ની MSME દિવસની થીમ '<u>MSMEs and SDG : Leveraging Power and Resilience of MSMEs to Accelerate Sustainable Development and Eradicate Poverty in Times of Multiple Crises.</u>' છે.

### MSME Classification

| વર્ગીકરણ (Classification) | સુક્ષ્મ (Micro) | લઘુ (Small) | મધ્યમ (Medium) |
|---|---|---|---|
| ઉત્પાદન અને સેવાઓ (Manufacturing & Services) | રોકાણ : રૂ. 1 કરોડ<br>ટર્નઓવર : રૂ. 5 કરોડ | રોકાણ : રૂ. 10 કરોડ<br>ટર્નઓવર : રૂ. 50 કરોડ | રોકાણ : રૂ. 50 કરોડ<br>ટર્નઓવર : રૂ. 250 કરોડ |

## ભારતીય અર્થતંત્રમાં MSMEની ભૂમિકા

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME) ભારતીય અર્થતંત્રમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

- તે ભારતીય ઔદ્યોગિક ક્ષેત્રની કરોડરજ્જુ ગણાય છે અને રોજગારી સર્જન, ઔદ્યોગિક ઉત્પાદન, નિકાસ અને એકંદર આર્થિક વૃદ્ધિમાં નોંધપાત્ર યોગદાન આપે છે.
- MSME દેશના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP)માં લગભગ 30% યોગદાન આપીને ભારતીય અર્થવ્યવસ્થાના વિકાસને આગળ ધપાવે છે.
- નિકાસના સંદર્ભમાં તેઓ સપ્લાય ચેઈનનો અભિન્ન ભાગ છે અને કુલ નિકાસમાં લગભગ 48% યોગદાન આપે છે.
- MSME રોજગાર નિર્માણમાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે, કારણ કે તેઓ દેશભરમાં લગભગ 110 મિલિયન લોકોને રોજગાર પ્રદાન કરે છે.
- અહીં ભારતીય અર્થતંત્રમાં MSMEની કેટલીક ભૂમિકાઓ અને યોગદાન આપેલ છે :

1. **રોજગાર સર્જન :** MSME ભારતમાં સૌથી મોટું રોજગાર દાતા છે, ખાસ કરીને ગ્રામીણ અને અર્ધ–શહેરી વિસ્તારોમાં નોંધપાત્ર રોજગારીની તકો પૂરી પાડે છે.
2. **આર્થિક વૃદ્ધિ :** MSME આર્થિક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપીને દેશના GDPમાં ફાળો આપે છે. તેઓ ઉદ્યોગસાહસિક્તા અને નવીનતા, ઉત્પાદકતા અને આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપે છે. MSMEનો વિકાસ ઉચ્ચ આવક, વપરાશમાં વધારો અને એકંદરે આર્થિક વિકાસ તરફ દોરી જાય છે.
3. **નિકાસ પ્રોત્સાહન :** MSME ભારતમાંથી નિકાસને પ્રોત્સાહન આપવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. ઘણા MSME નિકાસલક્ષી પ્રવૃત્તિમાં રોકાયેલા છે. તેઓ વિદેશી હૂંડિયામણની કમાણીમાં ફાળો આપે છે. વેપાર ખાધ ઘટાડે છે અને આંતરરાષ્ટ્રીય વેપાર ક્ષેત્રે ભારતની હાજરીમાં વધારો કરે છે.
4. **ઔદ્યોગિક ઉત્પાદન :** MSME ભારતમાં ઔદ્યોગિક ઉત્પાદનમાં નોંધપાત્ર યોગદાન આપે છે. તેઓ વિવિધ ક્ષેત્રો જેમ કે, કાપડ, ચામડુ, ફૂડ પ્રોસેસિંગ, હસ્તકલા, એન્જિનિયરિંગ સામાન અને વધુ સાથે સંકળાયેલા છે. ઉત્પાદનો અને સેવાઓની તેમની વિવિધ શ્રેણી અર્થતંત્રમાં મૂલ્ય ઉમેરે છે અને સ્પર્ધાત્મક્તા વધારે છે.
5. **પ્રાદેશિક વિકાસ :** MSME પછાત વિસ્તારો, ગ્રામીણ વિસ્તારો અને નાના શહેરોના વિકાસમાં મહત્વપૂર્ણભૂમિકા ભજવે છે. તેઓ આર્થિક પ્રવૃત્તિઓનું વિકેન્દ્રીકરણ કરે છે અને સ્થાનિક ઉદ્યોગસાહસિક્તા અને રોજગાર માટે તકો પૂરી પાડે છે.

## 18મી લોકસભાનું પ્રથમ સત્ર

ભારતમાં 24 જૂનથી 3 જુલાઈ, 2024 દરમિયાન 18મી લોકસભાના પ્રથમ સત્રનું આયોજન કરવામાં આવ્યું છે.


### સંસદના સત્ર

દેશના સંચાલન માટે વિવિધ કાયદાઓ અને નિયમો દેશની ધારાકીય પાંખ એટલે કે સંસદ દ્વારા તૈયાર કરવામાં આવે છે.

- આ નિયમો અને કાયદાઓ બનાવવા માટે સંસદ સત્રોનું આયોજન કરે છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 85(1) અનુસાર રાષ્ટ્રપતિ સંસદના દરેક ગૃહનું સત્ર પોતાને યોગ્ય લાગે તે સમયે અને સ્થળે વખતો વખત બોલાવશે.
- જોકે ભારતના રાષ્ટ્રપતિ સંસદનું સત્ર ત્યારે જ બોલાવે છે, જ્યારે પ્રધાનમંત્રી અથવા મંત્રીમંડળે આ માટે તેમને સલાહ આપી હોય.
- અનુચ્છેદ 85(1) અનુસાર સંસદના બે સત્રો વચ્ચે 6 મહિનાથી વધુ સમયગાળો ન હોવો જોઈએ.
- અર્થાત વર્ષમાં ઓછામાં ઓછા સંસદના બે સત્ર યોજવા જરૂરી છે.
- સંસદના બે સત્ર વચ્ચેના ખાલી સમયગાળાને 'સત્રાવકાશ' કહે છે.
- સામાન્ય રીતે ભારતમાં દર વર્ષે સંસદના ત્રણ સત્રો યોજાય છે.
- સંસદના આ ત્રણ સત્રોના નામ આ પ્રમાણે છે :



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## રાષ્ટ્રપતિ દ્વારા પ્રોટેમ સ્પીકરને શપથ

24 જૂન, 2024ના રોજ નવી લોકસભાના ગૃહની કાર્યવાહી શરૂ થાય એ પહેલા ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ શ્રી ભર્તૃહરિ મહતાબને 18મી લોકસભાના પ્રોટેમ સ્પીકર તરીકેના શપથ અપાવ્યા હતા.

**નોંધ :** Week-25માં પ્રોટેમ સ્પીકરની સંપૂર્ણ માહિતી આપેલ છે.

## પ્રોટેમ સ્પીકર દ્વારા લોકસભાના સભ્યોને શપથ

18મી લોકસભાના પ્રથમ સત્રના પહેલા બે દિવસ શ્રી ભર્તૃહરિ મહતાબએ વડાપ્રધાન, મંત્રીપરિષદના સભ્યો તેમજ લોકસભાના અન્ય સભ્યો સહિત લોકસભામાં ચૂંટાયેલા તમામ સભ્યોને લોકસભાના સભ્ય તરીકેના શપથ અપાવ્યા હતા.

- ભારતમાં વડાપ્રધાન તથા તેમની મંત્રીપરિષદને તેમના હોદ્દાના એટલે કે વડાપ્રધાન તથા મંત્રી તરીકેના શપથ ભારતના રાષ્ટ્રપતિ અપાવે છે.
- જ્યારે વડાપ્રધાન, મંત્રીપરિષદ તેમજ અન્ય સભ્યો સહિત લોકસભામાં ચૂંટાયેલા તમામ સભ્યોને લોકસભાના સભ્ય તરીકેના શપથ પ્રોટેમ સ્પીકર અપાવે છે.

## લોકસભાના સભ્યો કઈ ભાષામાં શપથ લઈ શકે છે ?

ભારતમાં લોકસભાના સભ્યો અંગ્રેજી ઉપરાંત ભારતના બંધારણની 8મી અનુસૂચિમાં સમાવેશ પામેલ 22 ભાષાઓમાંથી કોઈપણ ભાષામાં શપથ લઈ શકે છે.

## ભારતીય બંધારણની અનુસૂચિ 8માં સમાવિષ્ટ ભાષાઓ

| ક્રમ | ભાષા | ક્રમ | ભાષા |
|---|---|---|---|
| 1 | તમિલ | 12 | મલયાલમ |
| 2 | હિન્દી | 13 | મરાઠી |
| 3 | તેલુગુ | 14 | ઉડિયા |
| 4 | બંગાળી | 15 | સિંધી |
| 5 | કન્નડ | 16 | નેપાળી |
| 6 | પંજાબી | 17 | કોંકણી |
| 7 | કાશ્મીરી | 18 | મણિપુરી |
| 8 | ગુજરાતી | 19 | બોડો |
| 9 | આસામી | 20 | ડોંગરી |
| 10 | સંસ્કૃત | 21 | મૈથીલી |
| 11 | ઉર્દુ | 22 | સંથાલી |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 18મી લોકસભાના અધ્યક્ષ તરીકે શ્રી ઓમ બિરલા ચૂંટાયા

18મી લોકસભાના પ્રથમ સત્રમાં 26 જૂન, 2024ના રોજ ભાજપના સાંસદ અને NDAના ઉમેદવાર શ્રી ઓમ બિરલા લોકસભાના અધ્યક્ષ પદે ચૂંટાયા હતા.



- તેઓ સતત બીજી વખત લોકસભાના અધ્યક્ષ બન્યા છે.
- અધ્યક્ષ પદ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રી ઓમ બિરલાના નામનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો.
- જેને શાસક ગઠબંધનના ઘણા નેતાઓના સમર્થન બાદ ધ્વની મતથી પસાર કરાયો હતો.
- ઈન્ડિયા ગઠબંધનના સાંસદ શ્રી કે.સુરેશે શ્રી ઓમ બિરલા સામે અધ્યક્ષ પદ માટે ઉમેદવારી નોંધાવી હતી.
- લોકસભા અધ્યક્ષ પદ માટે કોંગ્રેસ સાંસદ શ્રી કે. સુરેશને ઉમેદવાર બનાવનારા વિપક્ષોએ પ્રસ્તાવ પર વોટિંગ માટે દબાણ ન કરતા પ્રો–ટેમ સ્પીકર શ્રી ભર્તૃહરિ મહતાબે કહ્યું, હુ શ્રી ઓમ બિરલાને લોકસભાના અધ્યક્ષ પદે ચૂંટાયેલા જાહેર કરું છું.

- નોંધનીય છે કે નવા ચૂંટાયેલા અધ્યક્ષને વડાપ્રધાન શ્રી અને વિપક્ષના નેતા આસન સુધી લઈ જાય છે અને બાદમાં તમામ રાજકીય પક્ષો અને સમૂહના નેતાઓ દ્વારા અભિનંદન આપવામાં આવે છે અને તેના જવાબમાં તેઓ સભામાં ધન્યવાદ ભાષણ આપે છે.

## શ્રી ઓમ બિરલા

શ્રી ઓમ બિરલા રાજસ્થાનની કોટા લોકસભા બેઠક પરથી ભારતીય જનતા પાર્ટીના વર્તમાન સાંસદ છે.

- તેઓ લોકસભાના સભ્ય તરીકે રાજસ્થાનની કોટા બેઠક પરથી સતત ત્રીજી વખત ચૂંટાઈને આવ્યા છે.
- અગાઉ વર્ષ 2003 થી 2014 દરમિયાન તેઓ રાજસ્થાનમાં કોટા દક્ષિણની વિધાનસભા બેઠક પરથી ત્રણ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા.
- 23 નવેમ્બર, 1962ના રોજ રાજસ્થાનના કોટામાં તેમનો જન્મ થયો હતો.

## લોકસભાના અધ્યક્ષ (Speaker of The Loksabha)

ભારતીય બંધારણના અનુચ્છેદ-93માં લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ પદ અંગેની જોગવાઈ કરવામાં આવી છે.

- લોકસભાના અધ્યક્ષ દેશના બંધારણીય પદાધિકારીઓમાં ભારતના મુખ્ય ન્યાયાધીશની સમકક્ષ છઠ્ઠા નંબરનો હોદ્દો ધરાવે છે.

## લોકસભાના અધ્યક્ષની પસંદગી

ભારતમાં રાજ્યસભાના સભાપતિ (અર્થાત્ ઉપરાષ્ટ્રપતિ) રાજ્યસભાના સભ્ય હોતા નથી.

- જ્યારે લોકસભાના અધ્યક્ષ તથા ઉપાધ્યક્ષ લોકસભાના સભ્ય હોય છે.
- ભારતમાં લોકસભાના ચૂંટાયેલા સભ્યોમાંથી જ લોકસભાના ચૂંટાયેલા સભ્યો દ્વારા લોકસભાના અધ્યક્ષ તથા ઉપાધ્યક્ષની સર્વાનુમતે અથવા તો ચૂંટણી દ્વારા પસંદગી કરવામાં આવે છે.

## લોકસભાના અધ્યક્ષની ચૂંટણીની તારીખ

ભારતમાં લોકસભાની સામાન્ય ચૂંટણી બાદ ભારતના રાષ્ટ્રપતિ દ્વારા નક્કી કરવામાં આવેલા દિવસે લોકસભાના અધ્યક્ષની ચૂંટણી કરવામાં આવે છે.

- જ્યારે ભારતમાં લોકસભાના ઉપાધ્યક્ષની ચૂંટણીની તારીખ લોકસભાના અધ્યક્ષ નક્કી કરે છે.
- આથી, ભારતમાં લોકસભાના અધ્યક્ષની ચૂંટણી રાષ્ટ્રપતિ દ્વારા નક્કી કરવામાં આવેલી તારીખે થાય છે, જ્યારે લોકસભાના ઉપાધ્યક્ષની ચૂંટણી લોકસભાના અધ્યક્ષ દ્વારા નક્કી કરવામાં આવેલી તારીખે થાય છે.

## લોકસભાના અધ્યક્ષને શપથ

ભારતમાં લોકસભાના અધ્યક્ષ કે ઉપાધ્યક્ષે પોતાનો હોદ્દો સંભાળવા માટે કોઈ શપથ કે પ્રતિજ્ઞા લેવાની હોતી નથી.

- તેઓ ફક્ત લોકસભાના સભ્ય તરીકે જ શપથ લે છે.
- લોકસભાના અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ તરીકે તેમણે શપથ લેવાના હોતા નથી.
- ભારતીય બંધારણની ત્રીજી અનુસૂચિમાં લોકસભાના અધ્યક્ષ કે ઉપાધ્યક્ષના શપથ કે પ્રતિજ્ઞા અંગેની કોઈ જ જોગવાઈ નથી.

## લોકસભાના અધ્યક્ષનું પદ ખાલી હોય ત્યારે

જ્યારે લોકસભાના અધ્યક્ષનું પદ ખાલી હોય ત્યારે લોકસભાના ઉપાધ્યક્ષ અધ્યક્ષ તરીકેની ભૂમિકા નીભાવે છે.

- જ્યારે લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ બંનેનું પદ ખાલી હોય ત્યારે ભારતીય બંધારણના અનુચ્છેદ 95(1) અનુસાર રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક પામેલ લોકસભાના સભ્ય લોકસભાના અધ્યક્ષ તરીકે ભૂમિકા નીભાવે છે.

## લોકસભાના અધ્યક્ષની ગેરહાજરીમાં લોકસભાની બેઠકોનું સંચાલન

ભારતમાં સામાન્ય રીતે લોકસભાના અધ્યક્ષ જ લોકસભાની બેઠકોનું સંચાલન કરે છે.

- અધ્યક્ષની ગેરહાજરીમાં લોકસભાના ઉપાધ્યક્ષ તેનું સંચાલન કરે છે.
- જ્યારે લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ બંને ગેરહાજર હોય ત્યારે ભારતીય બંધારણના અનુચ્છેદ 95(2) અનુસાર લોકસભા દ્વારા આ કાર્ય માટે નક્કી કરવામાં આવેલ વ્યક્તિ લોકસભાની બેઠકનું સંચાલન કરે છે.
- લોકસભાની કાર્યવાહી અંગેના **Rules of Procedure** ના નિયમ 9 અનુસાર લોકસભા આ કાર્ય માટે લોકસભાના સભ્યોની એક યાદી અથવા તો સમિતિની રચના કરે છે.
- આ યાદી અથવા તો સમિતિમાં વધુમાં વધુ 10 સભ્યોના નામ હોય છે.
- અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષની ગેરહાજરીમાં આ યાદીમાં સમાવેશ પામેલ કોઈ સભ્ય લોકસભાના અધ્યક્ષની ભૂમિકા નીભાવે છે.
- આ સમયે એ સભ્યને લોકસભાના અધ્યક્ષને આપવામાં આવેલી તમામ શક્તિઓ પ્રાપ્ત થાય છે.

## લોકસભાના અધ્યક્ષનો કાર્યકાળ

ભારતમાં લોકસભાના અધ્યક્ષ કે ઉપાધ્યક્ષનો કાર્યકાળ અલગ રીતે નક્કી કરવામાં આવ્યો નથી.

- સામાન્ય રીતે તેઓ લોકસભાના વિસર્જન સુધી પોતાના પદ પર રહી શકે છે.
- ભારતમાં લોકસભાના અધ્યક્ષ નવી ચૂંટાયેલી લોકસભાની પ્રથમ બેઠક સુધી અધ્યક્ષ ગણાય છે.

## લોકસભાના અધ્યક્ષનું સ્થાન ક્યારે ખાલી પડી શકે છે ?

ભારતીય બંધારણના અનુચ્છેદ 94 અનુસાર ભારતમાં લોકસભાના કાર્યકાળ દરમિયાન નીચેના સંજોગોમાં લોકસભાના અધ્યક્ષનું સ્થાન ખાલી પડી શકે છે :

(1) જો તેઓ લોકસભાના સભ્ય ન રહે તો. (જેમકે, તેમની ચૂંટણી ગેરકાયદેસર જાહેર થાય ત્યારે આવી સ્થિતિનું નિર્માણ થાય છે.)

(2) જો તેઓ પોતાની ઈચ્છાથી રાજીનામું આપે તો. (લોકસભાના અધ્યક્ષ ઉપાધ્યક્ષને અને લોકસભાના ઉપાધ્યક્ષ અધ્યક્ષને પોતાનું રાજીનામું આપે છે.)

(3) જો લોકસભા પોતાના તત્કાલીન કુલ સભ્યોની બહુમતીથી **Resolution** (ઠરાવ) પસાર કરીને તેમને પદ પરથી દૂર કરે તો. (લોકસભાના અધ્યક્ષ કે ઉપાધ્યક્ષને પદ પરથી દૂર કરવા માટે તેમને ઓછામાં ઓછા 14 દિવસ અગાઉ નોટિસ આપવી જરૂરી છે.)

**નોંધ :** (1) જે બેઠકમાં અધ્યક્ષ કે ઉપાધ્યક્ષને પદ પરથી દૂર કરવાનો પ્રસ્તાવ લાવવામાં આવે એ બેઠકમાં તેઓ લોકસભાના સભ્ય તરીકે હાજર રહી શકે છે, પરંતુ તેઓ લોકસભાના અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ તરીકેની કામગીરી કરી શકતા નથી.

(2) આવી બેઠકમાં લોકસભાના અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ લોકસભાના સભ્ય તરીકે સંસદની કાર્યવાહીમાં ભાગ લઈ શકે છે, આ અંગે પોતાનો પક્ષ રજૂ કરી શકે છે અને પ્રસ્તાવની તરફેણ કે વિરુદ્ધમાં મતદાન પણ કરી શકે છે.

(3) પરંતુ આવા પ્રસ્તાવની તરફેણ અને વિરુદ્ધમાં જ્યારે એક સરખા મત પડે ત્યારે તેઓ લોકસભાના અધ્યક્ષ તરીકે નિર્ણાયક મત (Casting Vote) આપી શકતા નથી. જે લોકસભાના અધ્યક્ષ તરીકે તેમને સામાન્ય બેઠકોમાં પ્રાપ્ત થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## લોકસભાના અધ્યક્ષની સત્તા અને કાર્યો

ભારતમાં લોકસભાના અધ્યક્ષને સત્તાઓ ત્રણ સ્ત્રોતમાંથી પ્રાપ્ત થાય છે : (1) બંધારણ (2) સંસદીય પરંપરાઓ અને (3) લોકસભાની પ્રક્રિયા તથા કામગીરી અંગેના નિયમો.

- આ ત્રણેય સ્ત્રોતમાંથી પ્રાપ્ત થતી લોકસભાના અધ્યક્ષની સત્તા અને કાર્યો આ પ્રમાણે છે :

(1) તેમનું મુખ્ય કાર્ય લોકસભાની બેઠકોનું સંચાલન કરવાનું છે. આ દરમિયાન કોઈપણ સંશય કે મતભેદની સ્થિતિમાં તેમનો નિર્ણય અંતિમ ગણાય છે.

(2) કોઈ ખરડો નાણાં ખરડો છે કે નહિ તેનો નિર્ણય લોકસભાના અધ્યક્ષ કરે છે. આ અંગે તેમનો નિર્ણય આખરી ગણાય છે.

(3) લોકસભામાં કોઈ પ્રસ્તાવની તરફેણ અને વિરુદ્ધમાં જ્યારે એક સરખા મત પડે ત્યારે તેઓ નિર્ણાયક મત આપી શકે છે.

(4) સંસદની (રાજ્યસભા અને લોકસભાની) સંયુક્ત બેઠકની અધ્યક્ષતા લોકસભાના અધ્યક્ષ કરે છે. અધ્યક્ષની ગેરહાજરીમાં લોકસભાના ઉપાધ્યક્ષ આ બેઠકની અધ્યક્ષતા કરે છે.

(5) ભારતીય બંધારણની 10મી અનુસૂચિ અર્થાત્ પક્ષ પલ્ટા વિરોધી કાયદા અંતર્ગત આપવામાં આવેલી સત્તા અનુસાર પક્ષ પલ્ટા સંબંધી ફરિયાદની સ્થિતિમાં કોઈ સભ્યને યોગ્ય કે અયોગ્ય જાહેર કરવાનો અંતિમ નિર્ણય લોકસભાના અધ્યક્ષ કરે છે. (જોકે, 'કિહોતો હોલોહાન વિરુદ્ધ જાચિલ્હુ'ના કેસમાં 1992માં સુપ્રીમ કોર્ટે આપેલા આદેશ અનુસાર અધ્યક્ષના આ નિર્ણયની ન્યાયિક સમીક્ષા થઈ શકશે.)

(6) લોકસભાની બેઠકો માટે તારીખ અને સમય લોકસભાના અધ્યક્ષ જ નક્કી કરે છે. આ ઉપરાંત તેમાં થનાર કામગીરી તથા વિષયનો ક્રમ પણ તેઓ નક્કી કરે છે.

(7) લોકસભામાં કયા સભ્યને કેટલો સમય બોલવાની પરવાનગી આપવી અથવા તો ન આપવી તેનો નિર્ણય લોકસભાના અધ્યક્ષ કરે છે.

(8) તેઓ લોકસભાની સંસદીય સમિતિઓ પર નિયંત્રણ રાખે છે અને તમામ સમિતિઓના અધ્યક્ષની નિમણૂક કરે છે.

(9) તેઓ લોકસભાની નીચેની સમિતિઓમાં અધ્યક્ષ હોય છે :

(i) નિયમ સમિતિ (Rules Committee)

(ii) સામાન્ય હેતુ સમિતિ (General Purpose Committee)

(iii) કાર્ય મંત્રણા સમિતિ (Business Advisory Committee)

(10) લોકસભાની બેઠક માટે લોકસભાની કુલ સભ્ય સંખ્યાના ઓછામાં ઓછા 1/10 સભ્યની હાજરી જરૂરી છે. જેને 'કોરમ' કહે છે. જો કોરમ કરતા ઓછા સભ્ય હાજર હોય તો લોકસભાના અધ્યક્ષ ત્યાં સુધી લોકસભાની બેઠક સ્થગિત કરી દે છે જ્યાં સુધી કોરમ જેટલા સભ્ય ન થાય.

## લોકસભાના અધ્યક્ષ નિષ્પક્ષ રીતે કાર્ય કરી શકે એ માટે કરવામાં આવેલી કેટલીક અગત્યની જોગવાઈઓ

લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષને વેતન તથા ભથ્થાં ભારતની સંચિત નિધિમાંથી આપવામાં આવે છે, સંસદમાં એ માટે મતદાન થતું નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- લોકસભામાં અધ્યક્ષના કાર્યો કે આચરણ બાબતે ચર્ચા કે ટીકા કરી શકાતી નથી.
- લોકસભાના સંચાલન માટે તેમને આપવામાં આવેલી સત્તા અને એ સત્તા હેઠળ તેમણે કરેલી કાર્યવાહી ન્યાયાલયના અધિકાર ક્ષેત્રથી બહાર છે.
- લોકસભામાં થતા મતદાન દરમિયાન તેઓ ફક્ત 'નિર્ણાયક મત' જ આપી શકે છે. એટલે કે જ્યારે કોઈ પ્રસ્તાવની તરફેણ અને વિરુદ્ધમાં એક સરખા મત પડે ત્યારે જ તેઓ મત આપી શકે છે. એ અગાઉ તેઓ મત આપી શકતા નથી.
- ભારતમાં હોદ્દાના પ્રાયોરિટી લિસ્ટમાં (વર્ષ 2016ની સ્થિતિએ) લોકસભાના અધ્યક્ષનો ક્રમ છઠ્ઠો છે. જે ભારતમાં સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશની સમકક્ષ છે. ભારતમાં વડાપ્રધાન અને નાયબ વડાપ્રધાનને બાદ કરતાં અન્ય મંત્રીઓ કરતા લોકસભાના અધ્યક્ષનું સ્થાન ઉંચું છે.
- તેમને તત્કાલીન કુલ સભ્યોની બહુમતીથી જ પદ પરથી હટાવી શકાય છે, ગૃહમાં ઉપસ્થિત તથા મતદાન કરનાર સભ્યોની બહુમતીથી નહિ.

નોંધ : (1) ભારતમાં લોકસભાના પ્રથમ સ્પીકરનું નામ શ્રી ગણેશ વાસુદેવ માવલંકર છે. તેઓ ગુજરાતની અમદાવાદ લોકસભા બેઠક પરથી લોકસભાના સાંસદ હતા.

(2) ભારતની લોકસભાના પ્રથમ મહિલા સ્પીકર શ્રીમતી મીરા કુમાર હતા.

(3) શ્રીમતી સુમિત્રા મહાજન શ્રીમતી મીરા કુમાર બાદ લોકસભાના બીજા મહિલા સ્પીકર હતા.

(4) ભારતમાં લોકસભાના સ્પીકર તરીકે સૌથી લાંબો સમય કાર્ય કરનાર સ્પીકર શ્રી બલરામ જાખડ (1980-1989) છે.

(5) શ્રી નીલમ સંજીવ રેડ્ડી લોકસભાના એવા સ્પીકર છે કે જેઓ બાદમાં ભારતના રાષ્ટ્રપતિ બન્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## લોકસભાના વિપક્ષના નેતા : શ્રી રાહુલ ગાંધી

I.N.D.I.A. ગઠબંધન અને કોંગ્રેસના સાંસદ શ્રી રાહુલ ગાંધીને વિપક્ષના નેતા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.



### સંસદમાં નેતાઓ

ભારતની સંસદમાં પદના આધારે સંસદના નેતાઓના મુખ્ય ત્રણ પ્રકારો જોવા મળે છે :




1. ગૃહના નેતા (Leader of House)

- લોકસભામાં બહુમતી ધરાવતા પક્ષના નેતા એટલે કે પ્રધાનમંત્રી જ ગૃહના નેતા હોય છે. પરંતુ જો પ્રધાનમંત્રી રાજ્યસભાના સભ્ય હોય તો તેઓ પોતાના પક્ષના કોઈ મંત્રી કે જે લોકસભાના સભ્ય હોય તેમને ગૃહના નેતા તરીકે નિયુક્ત કરે છે.
- રાજ્યસભામાં પણ શાસક પક્ષ (Ruling Party) દ્વારા પોતાના એક સભ્યની 'ગૃહના નેતા' (Leader of House) તરીકે નિમણૂક કરવામાં આવે છે. જો પ્રધાનમંત્રી રાજ્યસભાના સભ્ય હોય તો પ્રધાનમંત્રી પોતે જ 'ગૃહના નેતા' હોય છે.
- ગૃહના નેતાનો ઉલ્લેખ બંધારણમાં નથી, પરંતુ તેની વ્યાખ્યા 'લોકસભા અને રાજ્યસભાની પ્રક્રિયાના નિયમોમાં' કરવામાં આવી છે.

2. વિરોધ પક્ષના નેતા (Leader of Opposition)

- સામાન્ય રીતે શાસક પક્ષ સિવાયનો બહુમતી ધરાવતો પક્ષ ગૃહમાં પોતાના એક સભ્યને 'વિરોધ પક્ષના નેતા' તરીકે નિયુક્ત કરે છે.
- ગૃહમાં વિરોધ પક્ષના નેતા ત્યારે જ બનાવી શકાય છે જ્યારે શાસક પક્ષ સિવાય બીજા બહુમતી ધરાવતા પક્ષના ગૃહમાં કુલ સભ્ય સંખ્યાના ઓછામાં ઓછા 10% કે તેથી વધુ સભ્યો ચૂંટાયા હોય. વિપક્ષના નેતા પાસે લોકસભામાં ઓછામાં ઓછા 55 સભ્યો અને રાજ્યસભામાં 25 સભ્યો હોવા જોઈએ.
- વર્ષ 1977માં ભારતમાં વિપક્ષના નેતાના પદને 'વિપક્ષી નેતા વેતન અને ભથ્થાં અધિનિયમ, 1977' દ્વારા વૈધાનિક બનાવવામાં આવ્યું હતું.
- ઈ.સ. 1977માં ભારતમાં વિરોધ પક્ષના નેતાને વૈધાનિક દરજ્જો આપવામાં આવ્યો હતો અને સાથોસાથ વિરોધ પક્ષના નેતાને કેબિનેટ મંત્રી સમકક્ષ દરજ્જો પણ આપવામાં આવ્યો હતો. આથી, તેમને વેતન અને ભથ્થાં તથા તમામ સુવિધાઓ પણ કેબિનેટ મંત્રી જેટલા જ મળે છે.
- વિપક્ષના નેતાનું મુખ્ય કાર્ય સરકારના કાર્યોની સકારાત્મક ટીકા કરવાનું અને વૈકલ્પિક સરકારની વ્યવસ્થા કરવાનું છે.

**નોંધ :** ભારતમાં લોકસભામાં વિરોધ પક્ષના પ્રથમ નેતા શ્રી રામ સુભગ સિંહ (1969) હતા. જ્યારે રાજ્યસભામાં વિરોધ પક્ષના પ્રથમ નેતા શ્રી શ્યામ નંદન મિશ્રા (1969) હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

3. વ્હીપ (Whip) (સચેતક)

- ગૃહમાં સત્તાધારી પક્ષ અને વિરોધ પક્ષ પોતાના પક્ષમાં શિસ્ત જાળવવા માટે એક સભ્યની નિમણૂક કરે છે. જેને વ્હીપ કહે છે.
- વ્હીપ પોતાના પક્ષના સભ્યો ગૃહમાં હાજરી આપે, કોઈ પ્રસ્તાવમાં પક્ષની તરફેણમાં મતદાન કરે વગેરે અંગેની સૂચના આપવા જેવા કાર્યો કરે છે.
- જો પક્ષનો કોઈ સભ્ય પક્ષ વિરુદ્ધ કોઈ કાર્ય કરે તો તેના વિરુદ્ધ શિસ્તભંગ અંગેની કાર્યવાહી થઈ શકે છે.
- વ્હીપના પદનો બંધારણમાં, ગૃહના નિયમોમાં કે પછી સંસદીય કાનૂનમાં ક્યાંય ઉલ્લેખ નથી. આ પદ સંસદીય પરંપરા મુજબ અસ્તિત્વ ધરાવે છે.

**નોંધ :** 'અખિલ ભારત વ્હીપ પરિષદ'નું આયોજન ભારતની કેન્દ્ર સરકારના સંસદીય બાબતોના મંત્રાલય દ્વારા કરવામાં આવે છે.

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'MSME દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 25 જૂન (B) 26 જૂન (C) 27 જૂન (D) 28 જૂન **(C)**

2. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર કરવામાં આવેલ વર્ષ 2024ની 'MSME દિવસ'ની થીમ શું છે ?

(A) Building a Stronger Future Together

(B) Resilience and rebuilding : MSME for Sustainable development

(C) Covid-19 : The great lockdown and impact on common man

(D) MSMEs and the SDGs : Leveraging Power and Resilience of MSMEs to Accelerate Sustainable Development and Eradicate Poverty in Times of Multiple Crises **(D)**

3. 1. રોજગાર સર્જન 2. આર્થિક વૃદ્ધિ 3. નિકાસ પ્રોત્સાહન

4. ઔદ્યોગિક ઉત્પાદન 5. પ્રાદેશિક વિકાસ

ભારતીય અર્થતંત્રમાં MSMEની નિર્ણાયક ભૂમિકામાં ઉપરોક્તમાંથી કયું પરિબળ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1, 2, અને 5

(C) માત્ર 1, 3, 4 અને 5 (D) 1, 2, 3, 4 અને 5 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

**4.** 18મી લોકસભાના પ્રથમ સત્રમાં પ્રોટેમ સ્પીકરે કોને શપથ અપાવ્યા હતા ?

(A) ફક્ત મંત્રી પરિષદને

(B) ફક્ત પ્રધાનમંત્રી અને મંત્રી પરિષદને

(C) પ્રધાનમંત્રી અને મંત્રીપરિષદ સિવાયના લોકસભામાં ચૂંટાયેલા નવા સભ્યોને

(D) પ્રધાનમંત્રી, મંત્રીપરિષદ સહિત લોકસભામાં ચૂંટાયેલા સભ્યોને **(D)**

**5.** નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. ભારતમાં પ્રધાનમંત્રી અને મંત્રીપરિષદને તેમના હોદ્દાના શપથ ભારતના રાષ્ટ્રપતિ અપાવે છે.
2. ભારતમાં પ્રધાનમંત્રી અને મંત્રીપરિષદના સભ્યોને લોકસભાના સભ્ય તરીકેના શપથ લોકસભાના અધ્યક્ષ અપાવે છે.

(A) વિધાન 1 સાચું અને વિધાન 2 પણ સાચું (B) વિધાન 1 ખોટું અને વિધાન 2 પણ ખોટું

(C) વિધાન 1 સાચું અને વિધાન 2 ખોટું (D) વિધાન 1 ખોટું અને વિધાન 2 સાચું **(C)**

**6.** ભારતમાં લોકસભાના સભ્યો કઈ ભાષામાં શપથ લઈ શકે છે ?

(A) ગમે તે ભાષામાં

(B) ફક્ત પોતાની માતૃભાષામાં જ

(C) અંગ્રેજી ઉપરાંત ભારતના બંધારણની 5મી અનુસૂચિમાં સમાવેશ પામેલ 22 ભાષાઓમાંથી કોઈપણ ભાષામાં

(D) અંગ્રેજી ઉપરાંત ભારતના બંધારણની 8મી અનુસૂચિમાં સમાવેશ પામેલ 22 ભાષાઓમાંથી કોઈપણ ભાષામાં **(D)**

**7.** ભારતીય બંધારણની 8મી અનુસૂચિમાં સમાવેશ પામેલ 22 ભાષાઓમાં નીચેનામાંથી કઈ ભાષાનો સમાવેશ થતો નથી ?

(A) બોડો (B) સંથાલી (C) ભોજપુરી (D) ડોગરી **(C)**

**8.** તાજેતરમાં 18મી લોકસભાના અધ્યક્ષ અથવા સ્પીકર તરીકે કોણ ચૂંટાયું છે ?

(A) શ્રી ઓમ બિરલા (B) શ્રી વિરેન્દ્ર કુમાર

(C) શ્રી કે. સુરેશ (D) શ્રી ભર્તૃહરિ મહતાબ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

9. ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના પદ અંગેની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) અનુચ્છેદ 63 (B) અનુચ્છેદ 83 (C) અનુચ્છેદ 93 (D) અનુચ્છેદ 103 **(C)**

10. ભારતમાં જ્યારે લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ બંનેનું પદ ખાલી હોય ત્યારે ભારતીય બંધારણના અનુચ્છેદ 95(1) અનુસાર લોકસભાના અધ્યક્ષ તરીકેની ભૂમિકા કોણ નીભાવે છે ?

(A) રાષ્ટ્રપતિ

(B) ઉપરાષ્ટ્રપતિ

(C) રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક પામેલ લોકસભાના સભ્ય

(D) લોકસભા દ્વારા આ કાર્ય માટે નીયત કરેલ લોકસભાના સભ્ય **(C)**

11. ભારતમાં જ્યારે લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ બંને ગેરહાજર હોય ત્યારે ભારતીય બંધારણના અનુચ્છેદ 95(2) અનુસાર લોકસભાની બેઠકનું સંચાલન કોણ કરે છે ?

(A) લોકસભાના અધ્યક્ષ દ્વારા આ કાર્ય માટે નક્કી કરવામાં આવેલ વ્યક્તિ

(B) લોકસભાના ઉપાધ્યક્ષ દ્વારા આ કાર્ય માટે નક્કી કરવામાં આવેલ વ્યક્તિ

(C) લોકસભા દ્વારા આ કાર્ય માટે નક્કી કરવામાં આવેલ યાદીમાંના વ્યક્તિ

(D) લોકસભાના સૌથી વરિષ્ઠ સાંસદ **(C)**

12. ભારતમાં લોકસભાના અધ્યક્ષને સત્તાઓ કયા સ્ત્રોતમાંથી પ્રાપ્ત થાય છે ?

(A) બંધારણ

(B) સંસદીય પરંપરાઓ

(C) લોકસભાની પ્રક્રિયા તથા કામગીરી અંગેના નિયમો

(D) ઉપરોક્ત ત્રણેય **(D)**

13. ભારતમાં લોકસભાના કયા સ્પીકર ભારતના રાષ્ટ્રપતિ બન્યા હતા ?

(A) શ્રી જ્ઞાની ઝૈલ સિંહ (B) શ્રી નીલમ સંજીવ રેડ્ડી

(C) શ્રી વરાહગિરી વેંકટગિરી (D) શ્રી ઝાકીર હુસૈન **(B)**

14. તાજેતરમાં 18મી લોકસભાના વિપક્ષના નેતા તરીકે કોણ નિયુક્ત થયું છે ?

(A) શ્રી મલ્લિકાર્જુન ખડગે (B) શ્રી અખિલેશ યાદવ

(C) સુશ્રી સોનિયા ગાંધી (D) શ્રી રાહુલ ગાંધી **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કોઝિકોડ : ભારતનું પ્રથમ યુનેસ્કો 'સિટી ઓફ લિટરેચર'



સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા માટે પ્રખ્યાત કેરળના કોઝિકોડને સત્તાવાર રીતે ભારતનું પ્રથમ યુનેસ્કો 'સિટી ઓફ લિટરેચર' જાહેર કરવામાં આવ્યું છે.

- નોંધનીય છે કે તેને યુનેસ્કો ક્રિએટિવ સિટીઝ નેટવર્ક (UCCN) હેઠળ ઓક્ટોબર, 2023માં 'લિટરેચર' શ્રેણીમાં સ્થાન મળ્યું હતું.

### સાહિત્યના શહેર તરીકે કોઝિકોડ




યુનેસ્કો દ્વારા 'સાહિત્યની નગરી' અથવા 'સિટી ઓફ લિટરેચર'નું પ્રતિષ્ઠિત બિરુદ મેળવનાર કોઝિકોડ ભારતનું પ્રથમ શહેર છે.

- આ શહેર કેરળ લિટરેચર ફેસ્ટિવલ જેવા વિવિધ સાહિત્યિક કાર્યક્રમોનું આયોજન કરવાનો લાંબો ઈતિહાસ ધરાવે છે.
- કોઝિકોડમાં 500થી વધુ પુસ્તકાલયો હોવાની વિશેષતા છે.
- આ શહેર ઘણા પ્રખ્યાત લેખકોનું ઘર પણ છે, જેમાં એસ.કે.પોટ્ટેટ કટ્ટુ, થિક્કોડિયાન અને પી. વલસાલા સંજયનનો સમાવેશ થાય છે.
- તેમણે મલયાલમ સાહિત્ય અને સંસ્કૃતિની વિવિધતા અને જીવતંતા જાળવવામાં યોગદાન આપ્યું છે.

### યુનેસ્કો ક્રિએટિવ સિટીઝ નેટવર્ક (UCCN)

તે વર્ષ 2004માં અસ્તિત્વમાં આવ્યું હતું.

- તેનો ઉદ્દેશ્ય 'શહેરો વચ્ચે સહકારને પ્રોત્સાહન આપવાનો છે જે સર્જનાત્મકતાને તેમના શહેરી વિકાસમાં વ્યૂહાત્મક પરિબળ તરીકે ઓળખે છે.'
- નેટવર્ક સાત સર્જનાત્મક ક્ષેત્રોને આવરી લે છે : હસ્તકલા અને લોક કલા, મીડિયા કલા, ફિલ્મ, ડિઝાઈન, ગેસ્ટ્રોનોમી, સાહિત્ય અને સંગીત.

## સિંધુ જળ સંધિ (Indus Waters Treaty)

તાજેતરમાં 1960ની સિંધુ જળ સંધિ(IWT) હેઠળ આવરી લેવામાં આવેલી નદીઓ પર સ્થાપિત પાવર પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ કરવા માટે પાંચ સભ્યોના પાકિસ્તાની પ્રતિનિધિમંડળને જમ્મુના કિશ્તવાડમાં મોકલવામાં આવ્યું હતું.

## સિંધુ જળ સંધિ




19 સપ્ટેમ્બર, 1960ના રોજ ભારત અને પાકિસ્તાન વચ્ચે સિંધુ નદીના પાણીની વહેંચણીના મુદ્દે સિંધુ સંધિ કરવામાં આવી હતી.

- તે સમયે ભારતના વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ અને પાકિસ્તાનના વડાપ્રધાન શ્રી આયુબ ખાન હતા.
- સિંધુ જળ સંધિ (Indus Waters Treaty) સિંધુ નદી અને તેની પાંચ ઉપનદીઓ સતલજ, બિયાસ, રાવી, ઝેલમ અને ચિનાબના પાણીના ઉપયોગ પર બંને પક્ષો વચ્ચે સહકાર અને માહિતીના આદાન–પ્રદાન માટે એક પદ્ધતિ નક્કી કરી છે.
- આ સંધિની મધ્યસ્થા 'આંતરરાષ્ટ્રીય પુનઃનિર્માણ તથા વિકાસ બેંક' એટલે કે વિશ્વ બેંકે કરી હતી.
- તે સમયે વર્લ્ડ બેંકના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી ડબલ્યુ એ.વી. ઈલીફ હતા.
- આ સંધિ અનુસાર સિંધુ, ચિનાબ અને ઝેલમ નદીઓના 80% પાણીનો ઉપયોગ પાકિસ્તાન કરશે જ્યારે બાકીના 20% પાણીનો ઉપયોગ ભારત સિંચાઈ, જળવિદ્યુત અને પરિવહન માટે કરશે.
- આ ઉપરાંત અન્ય 3 રાવી, બિયાસ અને સતલજ નદીના પાણી પર સંપૂર્ણ અધિકાર ભારતનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## હંસાબેન મહેતા



તાજેતરમાં હંસાબેન મહેતાને યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (UNGA)ના અધ્યક્ષ દ્વારા 'ઈન્ટરનેશનલ ડે ઓફ વિમેન ઈન ડિપ્લોમસી' (24 જૂન) પર સન્માનિત કરવામાં આવ્યા હતા.

- આ દિવસ મુત્સદીગીરીના ક્ષેત્રમાં મહિલાઓના યોગદાન અને સિદ્ધિઓનું સન્માન કરે છે અને તેને ઓળખે છે.
- સામાન્ય રીતે ડિપ્લોમસી એ પુરૂષોનું પ્રભુત્વ ધરાવતું ક્ષેત્ર ગણાય છે, પણ આ ક્ષેત્રે ઘણી મહિલાઓએ પણ પ્રસંશનીય કામગીરી બજાવી છે.
- આવી પ્રતિભાવના મહિલાઓના કામની સરાહના કરવા માટે દર વર્ષે 24 જૂનનો દિવસ 'ઈન્ટરનેશનલ ડે ઓફ વિમેન ઈન ડિપ્લોમસી' તરીકે ઉજવવામાં આવે છે.
- યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલી (UNGA) દ્વારા વર્ષ 2022થી આ દિવસ ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી.

## હંસાબેન મહેતા

હંસાબેન મહેતાનો જન્મ 3 જુલાઈ, 1897ના રોજ થયો હતો.

- તેઓ બરોડા રાજ્યના દિવાન મનુભાઈ મહેતાની પુત્રી અને પ્રથમ ગુજરાતી નવલકથા કરણ ઘેલોના લેખક નંદશંકર મહેતાના પૌત્રી હતા.
- તેઓ ભારતના સમાજ સુધારક, સામાજિક કાર્યકર, શિક્ષણવિદ્, સ્વતંત્ર ચળવળકાર, લેખિકા અને રાજદ્વારી હતા.
- તેઓ 1918માં ફિલોસોફી સાથે સ્નાતક થયા હતા. તેમણે ઈંગ્લેન્ડમાં પત્રકારત્વ અને સમાજશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો.
- તેમના લગ્ન શ્રી જીવરાજ નારાયણ મહેતા સાથે થયા હતા. જેઓ ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી હતા.
- લિંગ સમાવિષ્ટ ભાષાને સમાવવા માટે માનવ અધિકારની સાર્વત્રિક ઘોષણા (UDHR)માં સુધારો કરવામાં હંસાબેન મહેતાએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.
- UDHRના જાહેરનામાની કલમ-1ની પંક્તિ કંઈક આમ હતી – 'બધા પુરુષો સ્વતંત્ર અને સમાન હક લઈને જન્મે છે' (All men are born free and equal), જે સંદર્ભે સ્ત્રી સમાનતાના હિમાયતી હંસાબેનએ એવી દલીલ કરી હતી કે 'માનવતા'નો પર્યાય પુરુષ શબ્દ ન હોવો જોઈએ.
- એમના સૂચનને અનુસરીને ઉપરોક્ત વાક્યમાં ફેરફાર કરીને UDHRએ 'બધા મનુષ્ય સ્વતંત્ર અને સમાન હક લઈને જન્મે છે' (All human beings are born free and qeual) કરવામાં આવ્યું હતું.
- લિંગ સમાનતા સંદર્ભે આ મહત્ત્વપૂર્ણ બદલાવ હતો.
- 1946માં અખિલ ભારતીય મહિલા પરિષદ (AIWC)ના અધ્યક્ષ તરીકે તેમણે 'ભારતીય મહિલા અધિકાર ચાર્ટર'ના મુસદ્દાનું નેતૃત્વ કર્યુ, જેમાં ભારતમાં મહિલાઓ માટે લિંગ સમાનતા, નાગરિક અધિકારો અને ન્યાયની માંગણી કરવામાં આવી હતી.
- યુનાઈટેડ નેશન્સ હ્યુમન રાઈટ્સ કમિશનમાં એલેનોર રુઝવેલ્ટ સિવાય તે એકમાત્ર અન્ય મહિલા પ્રતિનિધિ હતા.
- તેઓ બંધારણ સભા તથા સલાહકાર સમિતિ અને મૌલિક અધિકારો પરની પેટા સમિતિના સભ્ય હતા.
- તેઓ બરોડાની એમ.એસ. યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પણ રહ્યા હતા.
- તેમને વર્ષ 1959માં પદ્મભૂષણથી નવાજવામાં આવ્યા હતા.

## હેમિસ ફેસ્ટિવલ 2024 : લદ્દાખ



તાજેતરમાં 16 અને 17 જૂનના રોજ લદ્દાખમાં હેમિસ ફેસ્ટિવલની ઉજવણી કરવામાં આવી હતી.

- તિબેટીયન બૌધ ધર્મની ઉજવણી કરતો હેમિસ ફેસ્ટિવલ લદ્દાખમાં દર વર્ષે યોજાય છે.
- તેને હેમિસ ત્સેયુ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ગુરૂ પદ્મસંભવની જન્મજયંતિની ઉજવણી કરે છે.
- આ બે દિવસીય ઉજવણી રંગ, સંગીત અને આધ્યાત્મિક ઊર્જા સાથે લદ્દાખના સૌથી મોટા બૌધ મઠ હેમિસ મઠને જીવંત બનાવે છે.
- આ તહેવારની વિશેષતા ચામ નૃત્ય છે, જે રંગબેરંગી માસ્ક પહેરીને કરવામાં આવે છે.



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં કયા શહેરને ભારતના પ્રથમ યુનેસ્કો 'સિટી ઓફ લિટરેચર' તરીકે ઓળખવામાં આવ્યું હતું ?

(A) મુંબઈ (B) કોલકાતા (C) કોઝિકોડ (D) દિલ્હી — (C)

2. 'સિટી ઓફ લિટરેચર' તરીકે જાણીતું કોઝિકોડ કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) કર્ણાટક (B) મધ્યપ્રદેશ (C) કેરળ (D) આંધ્રપ્રદેશ — (C)

3. તાજેતરમાં 'સિંધુ જળ સંધિ' (Indus Water Treaty) ચર્ચામાં રહી હતી. ભારત અને પાકિસ્તાન વચ્ચે કયા વર્ષે 'સિંધુ જળ સંધિ' થઈ હતી ?

(A) 1960 (B) 1966 (C) 1968 (D) 1971 — (A)

4. 'સિંધુ જળ સંધિ' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) 19 સપ્ટેમ્બર, 1960ના રોજ ભારત અને પાકિસ્તાન વચ્ચે સિંધુ નદીના પાણીની વહેંચણી મુદ્દે સિંધુ સંધિ કરવામાં આવી હતી.

(B) આ સમયે ભારતના વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ અને પાકિસ્તાનના વડાપ્રધાન શ્રી આયુબ ખાન હતા.

(C) આ સંધિની મધ્યસ્થા 'વિશ્વ બેંકે' કરી હતી.

(D) ઉપરોક્ત તમામ સાચા છે. — (D)

5. તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (UNGA)ના અધ્યક્ષ દ્વારા 'ઈન્ટરનેશનલ ડે ઓફ વિમેન ઈન ડિપ્લોમસી' દિવસ નિમિત્તે નીચેના પૈકી કયા ભારતીય મહિલાને સન્માનિત કરવામાં આવ્યા હતા ?

(A) શ્રીમતી હંસાબેન મહેતા (B) શ્રીમતી નિર્મલા સિતારામન

(C) શ્રીમતી સુષ્મા સ્વરાજ (D) શ્રીમતી ઈન્દિરા ગાંધી — (A)

6. તાજેતરમાં કયા રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશમાં 'હેમિસ ફેસ્ટિવલ 2024'નું આયોજન થયું હતું ?

(A) સિક્કિમ (B) લક્ષદ્વીપ (C) મેઘાલય (D) લદ્દાખ — (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 29 જૂન, રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસ (National Statistics Day)



ભારત સરકાર દ્વારા ભારતમાં દર વર્ષે 29 જૂનને 'National Statistics Day' અથવા તો 'રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- ભારતીય આંકડાકીય પ્રણાલીના વિકાસમાં શ્રી પી.સી.મહાલનોબિસના પ્રદાનને બિરદાવવા માટે ભારતમાં વર્ષ 2006 થી તેમનો જન્મ દિન 29 જૂન 'આંકડાશાસ્ત્ર દિવસ' તરીકે ઉજવાય છે.
- આ ઉપરાંત આ દિવસની ઉજવણીનો અન્ય એક હેતુ ભારતમાં સામાજિક – આર્થિક આયોજન તથા નીતિ નિર્માણમાં આંકડાકીય માહિતીના મહત્ત્વ અંગે જાગરુકતા લાવવાનો છે.
- વર્ષ 2024ની 'નેશનલ સ્ટેટિસ્ટિક્સ ડે'ની થીમ 'Use of Data for Decision Making' છે.

## લદ્દાખએ સંપૂર્ણ કાર્યાત્મક સાક્ષરતા પ્રાપ્ત કરી

તાજેતરમાં કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખને 97%થી વધુ સાક્ષરતા હાંસલ કર્યા પછી ULLAS–નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ હેઠળ સંપૂર્ણ કાર્યાત્મક સાક્ષરતા પ્રાપ્ત કરી હોવાનું જાહેર કરવામાં આવ્યું છે. આ સાથે લદ્દાખ સંપૂર્ણ કાર્યાત્મક સાક્ષરતા પ્રાપ્ત કરનાર પ્રથમ વહીવટી એકમ બન્યું છે.

- કાર્યાત્મક સાક્ષરતા એ વ્યક્તિની પ્રવૃત્તિઓમાં અસરકારક રીતે જોડાવા માટેની ક્ષમતાનો ઉલ્લેખ કરે છે. જેમાં વ્યક્તિગત અને સામુદાયિક વિકાસ માટે વાંચન, લેખન અને ગણતરીની જરૂર હોય છે.
- મૂળભૂત સાક્ષરતા મુખ્યત્વે વાંચન, લેખન અને અંકગણિત કૌશલ્યો પ્રાપ્ત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

### ULLAS-નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ વિશે

ધી અન્ડરસ્ટેન્ડિંગ લાઈફલોંગ લર્નિંગ ફોર ઓલ ઈન સોસાયટી (ULLAS) એ 2022 થી 2027 દરમિયાન અમલમાં મૂકાયેલ કેન્દ્રીય પ્રાયોજિત યોજના છે.

- આ યોજના રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020ની ભલામણો સાથે સંરેખિત છે.
- તેનો ઉદ્દેશ્ય તે તમામ પૃષ્ઠભૂમિના 15 વર્ષ અને તેથી વધુ વયના પુખ્ત વયના લોકોને સશક્ત બનાવવાનો છે જેઓ યોગ્ય શાળાનું શિક્ષણ મેળવી શક્યા નથી અને તેમને સમાજ સાથે મુખ્ય પ્રવાહમાં લાવવાનો છે અને તેઓને દેશના વિકાસમાં યોગદાન આપવા સક્ષમ બનાવવાનો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- યોજનામાં પાંચ ઘટકોનો સમાવેશ થાય છે :

  (1) પાયાની સાક્ષરતા અને સંખ્યા,

  (2) જટિલ જીવન કૌશલ્યો,

  (3) મૂળભૂત શિક્ષણ

  (4) વ્યવસાયિક કૌશલ્યો અને

  (5) સતત શિક્ષણ

- તે સ્વયંસેવક શિક્ષકો સાથે ULLAS એપ્લિકેશન દ્વારા ઓનલાઈન હાથ ધરવામાં આવે છે.

## સંસદના સંયુક્ત સત્રને રાષ્ટ્રપતિનું સંબોધન

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ 27 જૂનના રોજ લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠકને સંબોધન કર્યુ હતું.

### રાષ્ટ્રપતિનું ખાસ સંબોધન (અનુચ્છેદ 87(1))



દર વર્ષે સંસદના પ્રથમ સત્રમાં અને નવી ચૂંટાયેલ લોકસભાના પ્રથમ સત્રની શરૂઆતમાં રાષ્ટ્રપતિ સંસદના બંને ગૃહોના સભ્યોને સંયુક્ત સંબોધન કરે છે. રાષ્ટ્રપતિના આ સંબોધનને અભિભાષણ તરીકે ઓળખવામાં આવે છે. (ભાષણ અને અભિભાષણ વચ્ચે મુખ્ય તફાવત એ છે કે, અગાઉથી તૈયાર કરેલું લખાણ જ્યારે જોઈ જોઈને વાંચવામાં આવે તેને 'અભિભાષણ' કહે છે. જ્યારે ભાષણ એ જોયા વગર થતું મૌખિક વ્યાખ્યાન છે.)

- રાષ્ટ્રપતિનું આ અભિભાષણ મંત્રીપરિષદ દ્વારા તૈયાર કરવામાં આવે છે. જેમાં સરકારની ભવિષ્યની નીતિઓ અને કાર્યો વિશે ગૃહને માહિતગાર કરવામાં આવે છે, અને સાથે સાથે ગત વર્ષે સરકારે પ્રાપ્ત કરેલી સફળતાનું પણ તેમાં વર્ણન હોય છે.
- રાષ્ટ્રપતિના અભિભાષણ બાદ બંને ગૃહોમાં તેના પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવે છે. પરંતુ આ ચર્ચા દરમિયાન રાષ્ટ્રપતિનો ઉલ્લેખ કરવામાં આવતો નથી, કારણ કે અભિભાષણમાં સરકાર દ્વારા તૈયાર કરેલ નીતિઓ હોય છે. જેના માટે સરકાર જવાબદાર છે, રાષ્ટ્રપતિ નહીં.
- ચર્ચા બાદ તમામ વાદ વિવાદના ઉત્તર સામાન્ય રીતે પ્રધાનમંત્રી આપે છે.

- ત્યારબાદ ધન્યવાદ પ્રસ્તાવ (Motion of Thanks) પસાર કરવામાં આવે છે. અને આ ધન્યવાદ પ્રસ્તાવ પસાર થયા બાદ અધ્યક્ષ પ્રસ્તાવ પસાર થયા અંગેની માહિતી પત્ર દ્વારા રાષ્ટ્રપતિને આપે છે.
- આ ધન્યવાદ પ્રસ્તાવ પસાર થવો જરૂરી છે, નહીં તો એવું માનવામાં આવે છે કે સત્તાધારી પક્ષ બહુમતી ધરાવતો નથી. તેથી આ પ્રસ્તાવને અવિશ્વાસ પ્રસ્તાવ સાથે સરખાવવામાં આવે છે.

## ઈન્ટરનેશનલ સુગર ઓર્ગેનાઈઝેશન (ISO)ની 64મી કાઉન્સિલ મીટિંગ

ભારતે 24 જૂન, 2024ના રોજ નવી દિલ્હીમાં 64મી 'ઈન્ટરનેશનલ સુગર ઓર્ગેનાઈઝેશન' (ISO) કાઉન્સિલ મીટિંગનું આયોજન કર્યુ હતું.

- આ બેઠક અથવા મીટિંગમાં 'Sugar and Biofuels-Emerging Vistas' વિષય પર એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.
- જેમાં આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ, ભારતીય સુગર મિલના અધિકારીઓ, ઉદ્યોગ સંગઠનો અને તકનીકી નિષ્ણાતોએ હાજરી આપી હતી.
- તેમાં વૈશ્વિક ખાંડના ક્ષેત્રના ભાવિ, બાયોફ્યુઅલ, ટકાઉપણુ અને ખેડૂતોની ભૂમિકા વિશે ચર્ચા કરવામાં આવી હતી.
- ભારત વિશ્વમાં ખાંડનો સૌથી મોટો ઉપભોક્તા અને બ્રાઝિલ પછી બીજો સૌથી મોટો ઉત્પાદક દેશ છે.
- વિશ્વમાં (મકાઈ પછી) ઈથેનોલ ઉત્પાદન માટે શેરડી એ બીજો સૌથી મહત્ત્વપૂર્ણ ફીડસ્ટોક છે.

### ઈન્ટરનેશનલ સુગર ઓર્ગેનાઈઝેશન (ISO)

ઈન્ટરનેશનલ સુગર ઓર્ગેનાઈઝેશન (ISO) એ એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે.

- તેનું મુખ્ય મથક લંડન ખાતે આવેલું છે.
- ISOની સ્થાપના 1968ના આંતરરાષ્ટ્રીય ખાંડ કરાર હેઠળ કરવામાં આવી હતી.
- આંતરરાષ્ટ્રીય સ્તરે મુખ્ય ઉત્પાદક, વપરાશ અને વેપાર કરતા દેશો દ્વારા મંતવ્યોની આપ–લે માટે ISO એકમાત્ર વિશ્વવ્યાપી મંચ છે.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ભારતમાં 'રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસ' અથવા તો 'National Statistics Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 27 જૂન (B) 28 જૂન (C) 29 જૂન (D) 30 જૂન **(C)**

2. ભારતમાં કોનો જન્મદિન 29 જૂન 'રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી પી. વી. નરસિંહરાવ (B) શ્રી પી. સી. ચંદ્ર

(C) શ્રી પી. સી. મહાલનોબિસ (D) શ્રી પી.સી. ચૌધરી **(C)**

3. તાજેતરમાં ULLAS–નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ હેઠળ સંપૂર્ણ કાર્યાત્મક સાક્ષરતા હાંસલ કરવા માટે કયું કેન્દ્રશાસિત પ્રદેશ પ્રથમ વહીવટી એકમ બન્યું છે ?

(A) લદ્દાખ (B) લક્ષદ્વીપ (C) પુડુચેરી (D) ચંદીગઢ **(A)**

4. નીચેના નિવેદન પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો ?

1. દર વર્ષે સંસદના પ્રથમ સત્રમાં અને નવી ચૂંટાયેલ લોકસભાના પ્રથમ સત્રની શરૂઆતમાં રાષ્ટ્રપતિ સંસદના બંને ગૃહોના સભ્યોને સંયુક્ત સંબોધન કરે છે. રાષ્ટ્રપતિના આ સંબોધનને અભિભાષણ તરીકે ઓળખવામાં આવે છે.
2. રાષ્ટ્રપતિનું આ અભિભાષણ મંત્રી પરિષદ દ્વારા તૈયાર કરવામાં આવે છે, અને સાથે સાથે ગત વર્ષે સરકારે પ્રાપ્ત કરેલી સફળતાનું પણ તેમાં વર્ણન હોય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

5. તાજેતરમાં 64મી 'ઈન્ટરનેશનલ સુગર ઓર્ગેનાઈઝેશન' કાઉન્સિલની બેઠક કયાં આયોજિત કરવામાં આવી હતી ?

(A) બેઈજિંગ, ચીન (B) ન્યુયોર્ક, અમેરિકા

(C) સિડની, ઓસ્ટ્રેલિયા (D) નવી દિલ્હી, ભારત **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# NEWS IN SHORTS

## ગુજરાત

➤ **રાજ્યવ્યાપી પ્લસ પોલિયો અભિયાનનો ગાંધીનગરથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રારંભ કરાવ્યો**



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'બાળ લકવા નાબૂદી અભિયાન–2024' અન્વયે નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે 23 જૂન, 2024 અંતર્ગત રાજ્યવ્યાપી પોલિયો વિરોધી રસીકરણનો ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો હતો. રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા આ અભિયાન અંતર્ગત 0 થી 5 વર્ષની વય જૂથના 83 લાખ 72 હજારથી વધુ ભૂલકાઓને આવરી લેવાનું આયોજન હતું. આ હેતુસર 1 લાખ 33 હજાર 956 આરોગ્ય કર્મીઓ સેવારત રહીને રાજ્યના 33,489 પોલિયો બુથ પરથી બાળકોને ટીપા પીવડાવવાની કામગીરીમાં જોડાયા હતા. સમગ્ર રાજ્યમાં 23 જૂન, 2024ના રવિવારને પોલિયો રવિવાર મનાવીને આ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **ઓડિશાએ હોકીની સ્પોન્સરશિપ વધારી**




તાજેતરમાં ઓડિશા સરકારે તેની હોકી સ્પોન્સરશિપને વર્ષ 2036 સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે, જે વર્ષ 1936માં રાજ્ય તરીકે ઓડિશાની રચનાની શતાબ્દીને ચિન્હિત કરે છે. ઓડિશા માઈનિંગ કોર્પોરેશન લિમિટેડ (OMC)એ શરૂઆતમાં 2018 થી 2023 સુધી હોકી ઈન્ડિયાને સ્પોન્સર કરવા માટે પ્રતિબદ્ધતા દર્શાવી હતી, જે પછીથી 2023 સુધી લંબાવવામાં આવી હતી. હવે ઓડિશા સરકારે આ પ્રતિબદ્ધતામાં વધુ ત્રણ વર્ષ ઉમેર્યા છે અને તેને 2036 સુધી લંબાવ્યું છે. આ નવી સમાપ્તિ તારીખ 2036 ઓલિમ્પિક રમતો વર્ષ સાથે સુસંગત છે. OMC એ ઓડિશામાં સંપૂર્ણ માલિકીનું સરકારી નિગમ છે. જેની સ્થાપના વર્ષ 1956માં કરવામાં આવી હતી.

➤ **ડિજિટલ પેમેન્ટ ઇન્ટેલિજન્સ પ્લેટફોર્મ**



RBIએ ડિજિટલ પેમેન્ટ ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મ સ્થાપિત કરવાના પ્રસ્તાવ પર વિચાર કરવા માટે એ.પી. હોતા (A.P.Hota)ની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી છે. જે પેમેન્ટ ફ્રોડના જોખમને ઘટાડવા માટે અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરશે. માર્ચ 2024ના રોજ પૂરા થયેલા છ મહિનામાં ડોમેસ્ટિક પેમેન્ટ ફ્રોડ 70.64% વધીને રૂ.2,604 કરોડ થયું છે, જેમાં કેસની સંખ્યા 11.5 લાખથી વધીને 15.51 લાખ થઈ છે.


➤ **છત્રપતિ શિવાજી મહારાજ**



તાજેતરમાં છત્રપતિ શિવાજી મહારાજના રાજ્યાભિષેકની 350મી વર્ષગાંઠની ઉજવણી માટે ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર ધ આર્ટ્સ (IGNCA) અને નેશનલ મ્યુઝિયમ ઓફ મોર્ડન આર્ટ (NGMA) દ્વારા શિવાજી મહારાજના 115 તૈલ ચિત્રોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. પ્રદર્શનમાં પ્રદર્શિત કરાયેલા ચિત્રો પદ્મ વિભૂષણ બાબાસાહેબ પુરંદરેના માર્ગદર્શન હેઠળ બનાવવામાં આવ્યા હતા. 6 જૂન, 1674ના રોજ રાયગઢ ખાતે છત્રપતિ શિવાજી મહારાજનો રાજ્યાભિષેક થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITI

➤ **અંબુબાચી મેળો**



તાજેતરમાં આસામના ગુવાહાટીમાં કામાખ્યા મંદિરમાં અંબુબાચી મેળો ભરાયો હતો. જેમાં દેશભરમાંથી શ્રદ્ધાળુઓ આવ્યા હતા. અંબુબાચી મેળો ચોમાસાની ઋતુ દરમિયાન (આસામી મહિના અહાર દરમિયાન) જૂનના મધ્યમાં ઉજવવામાં આવે છે. આ તહેવાર દેવી મા કામાખ્યાના વાર્ષિક માસિક સ્ત્રાવની ઉજવણી કરે છે. આ મેળાને અમેટી અથવા તાંત્રિક પ્રજનન ઉત્સવ તરીકે પણ ઓળખવામાં આવે છે. કામાખ્યા મંદિર ભારતના 51 શક્તિપીઠોમાંનું એક છે. તે નીલાચલ ટેકરી પર આવેલું છે અને ગુવાહાટીમાં બ્રહ્મપુત્રા નદીના દક્ષિણ કાંઠાને અડીને આવેલું છે.

## વિશ્વ

### ➤ વિશ્વ તબીબી અને આરોગ્ય રમતો

તાજેતરમાં ચાર આર્મ્ડ ફોર્સિસ મેડિકલ સર્વિસ (AFMS) અધિકારીઓએ ફ્રાન્સના સેન્ટ–ટ્રોપેઝમાં યોજાયેલી 43મી વર્લ્ડ મેડિકલ એન્ડ હેલ્થ ગેમ્સમાં રેકોર્ડ 32 મેડલ જીતીને ભારતને ગૌરવ અપાવ્યું છે. વર્લ્ડ મેડિકલ એન્ડ હેલ્થ ગેમ્સને હેલ્થ પ્રોફેશનલ્સ માટે ઓલિમ્પિક ગેમ્સ તરીકે પણ ઓળખવામાં આવે છે. તબીબી સમુદાયમાં તે સૌથી પ્રતિષ્ઠિત વૈશ્વિક રમત–ગમતનું આયોજન છે. દર વર્ષે 50 થી વધુ દેશોના 2500 થી વધુ પ્રતિભાગીઓ આ ઈવેન્ટમાં ભાગ લે છે.

### ➤ સ્પેસ MAITRI મિશન

તાજેતરમાં ઓસ્ટ્રેલિયન સરકારે સ્પેસ MAITRI મિશન હેઠળ ભારતીય સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)ની વ્યાપારી શાખા ન્યુસ્પેસ ઈન્ડિયા લિમિટેડ (NSIL) સાથે 18 મિલિયન ડોલરની સમજૂતી (MoU)માં પ્રવેશ કર્યો છે. સ્પેસ MAITRI (Mission For Australia - India's Technology, Research and Innovation), સ્પેસ ડોમેનમાં બંને રાષ્ટ્રો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીમાં આગળનું એક મોટું પગલું રજૂ કરે છે. તેનો ઉદ્દેશ્ય ભારત અને ઓસ્ટ્રેલિયાના વ્યાપારી, સંસ્થાકીય અને સરકારી અવકાશ સંસ્થાઓ વચ્ચે ગાઢ સંબંધોને પ્રોત્સાહન આપવાનો છે. તે કાટમાળ વ્યવસ્થાપન અને ટકાઉપણુ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ કરાર હેઠળ ન્યૂસ્પેસ ઈન્ડિયા લિમિટેડ ઓસ્ટ્રેલિયા સ્પેસ મશીન કંપનીનું બીજું ઓપ્ટિમસ સ્પેસક્રાફ્ટ 2026માં લોન્ચ કરશે.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. 112મી આંતરરાષ્ટ્રીય શ્રમ પરિષદ દરમિયાન ઈ–શ્રમ પોર્ટલ કયાં પ્રદર્શિત કરવામાં આવ્યું હતું ? – જીનીવા
2. 'ઈન્ડિકોનેમા' તાજેતરમાં ચર્ચામાં હતું. તે શું છે ? – ગોમ્ફોનમોઈડ ડાયટોમની નવી જીનસ
3. કઈ સંસ્થાએ તાજેતરમાં AI દ્વારા માર્ગ સલામતી વધારવા માટે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે ? – IIIT દિલ્હી
4. 'અંડર-17 એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપ, 2024'માં ભારતે કેટલા મેડલ જીત્યા છે ? – 11
   (ભારતીય કુસ્તીબાજોએ તાજેતરમાં અમ્માન, જોર્ડનમાં યોજાયેલી અંડર-17 એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપ 2024માં 11 મેડલ જીત્યા હતા. જેમાં 4 ગોલ્ડ, 2 સિલ્વર અને 5 બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે.)
5. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલું ખલુબર વોર મેમોરિયલ મ્યુઝિયમ ભારતના કયા પ્રદેશમાં આવેલું છે ? – લદ્દાખ
6. કઈ અદાલતે વિવિધ શ્રેણીઓ માટે અનામત ક્વોટા 50%થી વધુ વધારવાના બિહાર સરકારના નિર્ણયને અમાન્ય કર્યો છે ? – પટના હાઈકોર્ટ
7. ભૂગર્ભ કોલ ગેસિફિકેશન માટે ભારતનો પ્રથમ પાયલોટ પ્રોજેક્ટ કયા રાજ્યમાં આવેલો છે ? – ઝારખંડ
8. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે NEP હેઠળ રાજ્યના તમામ જિલ્લાઓમાં એક પ્રાઈમ મિનિસ્ટર કોલેજ ઓફ એક્સેલન્સની સ્થાપનાને મંજૂરી આપી છે ? – મધ્યપ્રદેશ
9. તાજેતરમાં કયા મંત્રાલયે નેશનલ સ્ટોપ ડાયેરિયા ઝુંબેશ 2024 શરૂ કરી છે ? – સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય
10. તાજેતરમાં 64મી ઈન્ટરનેશનલ સુગર ઓર્ગેનાઈઝેશન કાઉન્સિલની બેઠક કયાં આયોજિત કરવામાં આવી હતી ? – નવી દિલ્હી, ભારત
11. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલ બેનરઘટ્ટ બાયોલોજિકલ પાર્ક (BBP) કયા રાજ્યમાં આવેલું છે ? – કર્ણાટક
    (જ્યાં ભારતની સૌથી મોટી દિપડા સફારીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.)
12. તાજેતરમાં ભારતના પ્રથમ 'ચેડવિક હાઉસ : નેવિગેટિંગ ઓડિટ હેરિટેજ' મ્યુઝિયમનું ઉદ્ઘાટન કયા સ્થળે કરવામાં આવ્યું છે ? – શિમલા
13. તાજેતરમાં પ્રથમ 'ઈન્ટરનેશનલ ડેરી ફેડરેશન એશિયા–પેસિફિક સમિટ' કયાં યોજાઈ હતી ? – કોચી, કેરળ
14. પુણેની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ નેચરોપેથીનું આગામી પરિસર કયા નામથી ઓળખાશે ? – નિસર્ગ ગ્રામ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# MAINS PRACTICE QUESTIONS : ભૂગોળ

1. પ્રાથમિક ખડકોના લક્ષણો અને પ્રકારોનું વર્ણન કરો.
2. શા માટે ભારતને ઉપખંડ તરીકે ગણવામાં આવે છે, – ચર્ચા કરો.
3. હિમાલયના ગ્લેશિયર્સ ઓગળવાથી ભારતના જળ સંસાધનો પર કેવી દૂરોગામી અસર પડશે ? – ચર્ચા કરો.
4. "ભારતમાં સૌર ઊર્જાની અપાર સંભાવનાઓ છે જો કે તેના વિકાસમાં પ્રાદેશિક વિવિધતા છે"– નિવેદન પર ચર્ચા કરો.
5. હિમાલય પ્રદેશ અને પશ્ચિમ ઘાટમાં ભૂસ્ખલનના કારણોને અલગ પાડો.
6. ભારતમાં ખાદ્ય સુરક્ષા પર આબોહવા પરિવર્તનના પરિણામની ચર્ચા કરો.
7. "નર્મદા નદી ગુજરાતની જીવાદોરી છે" – નિવેદન પર ચર્ચા કરો.
8. આર્થિક અને સામાજિક વિકાસ માટે ભારતમાં આંતરિક અને જળ પરિવહનના મહત્ત્વની ચર્ચા કરો ?
9. ભારતમાં રાતી જમીન અને લેટેરાઈટ જમીન વિશે સરખામણી કરો.
10. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સનો અર્થ સમજાવો ? ભારતમાં આબોહવાને પ્રભાવિત કરવામાં તેની ભૂમિકાની ચર્ચા કરો.

**નોંધ : દર અંકમાં અલગ–અલગ વિષયના મેઈન્સ પરીક્ષા માટેના 10 પ્રેક્ટિસ પ્રશ્નો મૂકવામાં આવે છે. જેની દરેક વિદ્યાર્થીએ નોંધ લેવી.**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# PSI-કોન્સ્ટેબલ તથા તમામ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી

**40% DISCOUNT**

~~₹860/-~~
**₹560/-**
(કુરિયર ચાર્જ સાથે)




આ બુક ખરીદવા માટે અત્યારે જ
**ICEONLINE** એપ ડાઉનલોડ કરો.

Google Play
Download on the App Store

93773-01110
(10:00am to 6:00pm)

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT